ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૪ અંક : ૧૫૧ I વિક્રમ સંવત ૨૦૮૨ : પોષ વદ ૦૯ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 151 • Dt.08-01-2026 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

08 JANUARY- 2026 THURSDAY



P.07
કંગના ફરી ફિલ્મ શૂટિંગ માટે સેટ પર હાજર થઈ ગઈ



P.07
રણવીર સિંહની પ્રલયમાં સાઉથની હિરોઈન કલ્યાણીની એન્ટ્રી થઈ

નેપાળમાં હિન્દુનું અપમાન કરતો વીડિયો વાયરલ I મસ્જિદમાં તોડફોડ બાદ હિંસા 07





07 સમગ્ર યુરોપમાં ભારે હિમવર્ષા અને બરફના તોફાનનું તાંડવ I જનજીવન ઠપ

રાજ્યમાં 'ચાઈનીઝ દોરીને ના, પક્ષી બચાવવાને હા'

ઉતરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ચાઈનીઝ દોરીના જીવલેણ જોખમને ખાળવા માટે અમદાવાદ શહેરની શાળાઓએ એક પ્રશંસનીય પહેલ કરી

# અમદાવાદની ૧૮૦૦ શાળાઓના ૫ લાખ વિદ્યાર્થીઓએ લીધા શપથ

**વિદ્યાર્થીઓએ, સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ માંઝા કે કાચવાળી દોરીનો ઉપયોગ ન કરવો અને અન્યોને પણ રોકવા I જો કોઈ પક્ષી ઈજાગ્રસ્ત જણાય તો તેને તાત્કાલિક સારવાર અપાવવી અને કરુણા અભિયાનમાં સહભાગી થવું**

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ I

ઉતરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે ચાઈનીઝ દોરીના જીવલેણ જોખમને ખાળવા માટે અમદાવાદ શહેરની શાળાઓએ એક પ્રશંસનીય પહેલ કરી છે. શહેરની આશરે ૧૮૦૦ જેટલી શાળાઓના ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રોએ પક્ષીઓ અને મનુષ્યોના જીવ બચાવવા માટે સામૂહિક સંકલ્પ લીધા છે.

વિદ્યાર્થીઓએ, સરકાર દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ માંઝા કે કાચવાળી દોરીનો ઉપયોગ ન કરવો અને અન્યોને પણ રોકવા. જો કોઈ પક્ષી ઈજાગ્રસ્ત જણાય તો તેને તાત્કાલિક સારવાર અપાવવી અને કરુણા અભિયાનમાં સહભાગી થવું. આગની ઘટનાઓ રોકવા માટે આકાશમાં તુક્કલ ન ઉડાડવા સહિતની પ્રતિજ્ઞાઓ લીધી હતી.

અમદાવાદ DEOના જણાવ્યા અનુસાર, દર વર્ષની જેમ આ વર્ષે પણ શિક્ષણ વિભાગ અને વન વિભાગના સહયોગથી આ જનજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તાજેતરમાં સેવન્થ ડે સ્કૂલ ખાતે સ્થાનિક ધારાસભ્યની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ અબોલ પશુ-પક્ષીઓની સુરક્ષા માટે શપથ લીધા હતા.માત્ર પતંગની મજા જ નહીં, પણ સાથે સામાજિક જવાબદારીનું પણ પાલન થાય તે હેતુથી શાળાઓમાં આ નવતર પ્રયોગ શરૂ કરાયો છે.



શિક્ષકો અને વહીવટી સ્ટાફે પણ આ શપથમાં જોડાઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ મુહિમનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોમાં નાનપણથી જ જીવદયાના સંસ્કારોનું સિંચન કરવાનો અને ઉત્તરાયણના પર્વને લોહિયાળ બનતો અટકાવવાનો છે.

રૂ. ૩ કરોડનો મુદ્દામાલ જપ્ત

# અમદાવાદમાંથી કરોડોનું 'તરતું સોનું' ઝડપાયું! વ્હેલ માછલીની ઉલટીની હેરાફેરી કરનારની ધરપકડ કરાઈ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ I

અમદાવાદ ગ્રામીણ જિલ્લાની વિવેકાનંદનગર પોલીસે વ્હેલ ઉલટીની હેરાફેરી કરતાં ૪૨ વર્ષીય એક વ્યક્તિની ધરપકડ કરી છે અને રૂા.૩.૦૧ કરોડની કિંમતની સંરક્ષિત વ્હેલ ઉલટી (એમ્બરગ્રીસ) જપ્ત કરી છે.નિયમિત પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે હાથીજણ-મહેમદાબાદ રોડ પર શ્રીજી હોસ્પિટલ નજીક એક શંકાસ્પદ વ્યક્તિને અટકાવ્યો હતો. આરોપીની ઓળખ રાજેશ બાબુભાઈ બલાર (પટેલ) તરીકે થઈ હતી, જે વ્યવસાયે વેપારી હતો, હાલમાં સુરત શહેરમાં રહે છે અને મૂળ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના શોભાવડ ગામના વતની છે.પોલીસના જણાવ્યા મુજબ જપ્ત કરાયેલ સામગ્રીની તપાસ રેન્જ ફોરેસ્ટ ઓફિસર અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (હ્લજીન્) અધિકારીઓ સાથે સંકલનમાં કરવામાં આવી હતી, જેમણે તે એમ્બરગ્રીસ હોવાની પુષ્ટિ કરી હતી. પ્રતિબંધિત વ્હેલ ઉલટી ૩.૧૮ કિગ્રા ઉપરાંત પોલીસે રૂા.૫,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન અને ૫ લાખની કિંમતનું ફોર વ્હીલર જપ્ત કર્યું હતું, જેનાથી જપ્ત કરાયેલી મિલકતની કુલ કિંમત રૂા.૩.૦૬ કરોડની આંકવામાં આવીહાલમાં દરિયાકાંઠા સાથે જોડાણો ધરાવતા જિલ્લાઓમાં સંરક્ષિત પ્રાણીઓના અવશેષોની હેરાફેરીમાં સામેલ સંગઠિત નેટવર્ક્સ સામે કડક કાર્યવાહી કરવાની ઝુંબેશ ચાલી રહી છે. આરોપી રાજેશ બલાર સામે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે, અને મોટા વન્યજીવન તસ્કરી સિન્ડિકેટ સાથે સંભવિત તાર શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર



25 YEARS WARRANTY

ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University

KAMLA AMRUT INSTITUTE OF NURSING



પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪

B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ
- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ ક્લાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## રૂપાલ ગામમાં દુકાનામાંથી ૩.૮૬ લાખનો દારૂ ઝડપાયો

| પ્રતિનિધિ, બગોદરા, તા.૭ |

અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ બાવળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા રૂપાલ ગામમાંથી ૩.૮૬ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો છે.બાવળા તાલુકાના રૂપાલ ગામના જીવાપુરા વિસ્તારમાં દારૂનો જથ્થો છુપાવવામાં આવ્યો છે. તેવી બાતમીના આધારે અમદાવાદ ગ્રામ્ય એલસીબીએ ઈરફાન મહેબુબભાઈ વોરાની માલિકીની દુકાનમાં તપાસ હાથ ધરી હતી. સર્ચ દરમિયાન દુકાનમાંથી વિદેશી દારૂની ૧,૫૩૬ બોટલ (રૂ.૩,૮૬,૪૦૦) મળી આવી હતી. જોકે, દરોડા દરમિયાન આરોપી સ્થળ પર હાજર મળી નહીં આવતા પોલીસે મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

## વડોદરા : ડ્રાઇવિંગ લાયસન્સ કઢાવી આપવાના બહાને ૨૮ હજાર પડાવી લીધા

| પ્રતિનિધિ, વડોદરા, તા.૭ |

ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવી આપવાના બહાને કંપનીમાં નોકરી કરતા ચાર કર્મચારીઓ પાસેથી ૨૮ હજાર પડાવી લઈ ધમકી આપનાર સામે મકરપુરા પોલીસે ગુનો દાખલ કર્યો છે.મકરપુરા જશોદા કોલોનીમાં રહેતા પરેશભાઈ પૂનમભાઈ વસાવા મકરપુરા જી.આઈ.ડી.સી.ની કંપનીમાં નોકરી કરે છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં તેમણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, હું વધારે ભણેલો નહીં હોવાથી મેં ટુ વ્હિલરનું લાયસન્સ કઢાવ્યું નહતું. મારી સાથે વર્ષોથી નોકરી કરતા મુકેશભાઈ બારિયાએ મારી મુલાકાત વિશાલ પટેલ (રહે. મકરપુરા ગામ) સાથે કરાવી હતી. તેમણે કહ્યું હતું કે, જો તારે લાયસન્સ કઢાવવું હોય તો ૭ હજાર રૂપિયા થશે. તેઓના કહ્યા મુજબ, મેં ૭ હજાર તેઓને આપ્યા હતા. ઘણા દિવસો પછી મેં લાયસન્સ બાબતે તેઓને ફોન કરતા તેઓ રિસિવ કરતા નહોતા. ક્યારેક ફોન રિસિવ કરે તો હું રૂપિયાની પરત માગણી કરું ત્યારે તેઓ ધમકી આપતા હતા.

ગાત્રો થિજાવીતી ઠંડી : લોકો ના જનજીવન પર અસર

# કુલ્લુ મનાલી ની મજા માઉન્ટ આબુ માં સહેલાણીઓ એ માણી

### માઉન્ટ આબુ માં સતત અઠવાડિયા થી બરફ ની સફેદ ચાદર જોવા મળી

| પ્રતિનિધિ, એસ.બી.મીણા, અમીરગઢ, તા.૭ |

જમ્મુ કાશ્મીર અને કુલ્લુ મનાલી બરફ ની મજા માણવા જતા લોક ને આવીજ મજા માઉન્ટ આબુ માં માણવા મળી રહી છે માઉન્ટ આબુ માં છેલ્લા અઠવાડીયા થી સતત હાડ થીજાવતી ઠંડી પડી રહી હોવાથી લોકો ના જનજીવન પર અસર પડી રહી છે વર્ષ ના છેલ્લા દિવસે અને વર્ષ ના પ્રથમ દિવસે વાતાવરણમાં પલટો આવતા ગુજરાત સહિત રાજસ્થાન ના કેટલાક ભાગો માં છૂટોછવાયો કમોસમી વરસાદ પડ્યો હતો જોકે માવઠા બાદ શિયાળા ની ગુલાબી ઠંડી એ પોતાનો અસલ મિજાજ બતાવતા લોકો કાતિલ ઠંડી માં ઠુંઠવાઈ ગયા હતા.બનાસકાંઠા જિલ્લા ને અડી ને આવેલા રાજસ્થાન ના એક માત્ર હિલ સ્ટેશન અને ગુજરાત ના લોકો ની પહેલી પસંદ તરીખે ઓળખાતા માઉન્ટ આબુ માં છેલ્લા અઠવાડીયા થી સતત લઘુત્તમ તાપમાન માઈનાસ માં રહેતા કોલ્ડ વે ની સ્થિતિ સર્જાઈ છે તો બીજી બાજુ બનાસકાંઠા જિલ્લા સહિત ગુજરાત ભર માં શીતલહેર ના લીધે લોકો કાતિલ ઠંડી નો અનુભવ કરી રહ્યા છે માઉન્ટ આબુ માં ઠંડી ના લીધે ખુલ્લા મેદાન તેમજ વાહનો પર બરફ ની સફેદ ચાદર પથરાઈ ગઈ હોય તેવું જણાઈ આવ્યું હતું તો બીજી બાજુ લોકો એ હાડથીજવતી ઠંડી થી રક્ષણ મેળવવા ગરમ



પીણા અને તાપણા નો આસરો લેવા મજબૂર બન્યા હતા.માવઠા બાદ ૨ જાન્યુઆરી થી સતત હાડ થીજાવતી ઠંડી ના લીધે પર્યટક સ્થળ માઉન્ટ આબુ માં બરફ ની સફેદ ચાદર પથરાયેલી જોવા મળી રહી છે જેથી લોકો સૂર્ય ઉદય બાદ પણ ગરમ વસ્ત્રો માં વીંટળાયેલા જોવા મળી રહ્યા છે.જમ્મુ કાશ્મીર માં પડી રહેલા બરફ વર્ષા થવા ના લીધે તેમજ ઉતરી અને પૂર્વીય ઠંડા પવન ફૂંકાવા ના લીધે તે ઉપરાંત માવઠા બાદ વાતાવરણ ચોખ્ખું થઈ ગયું હોઈ કાતિલ ઠંડી માં વધારો થયો હોવા નું કહેવાય છે.સતત ગાત્રો થિજાવીતી ઠંડી ના કારણે ગુજરાત ભર માં લઘુતમ તાપમાન માં એક થી બે ડિગ્રી નો ઘટાડો નોંધાઈ રહ્યો છે જોકે ઠંડી શિયાળુ પાક માટે આશીર્વાદ રૂપ સાબિત થાય તેવું ખેડૂતો નું કહેવું છે જમ્મુ કાશ્મીર અને કુલ્લુ મનાલી બરફ ની મજા માણવા જતા લોક ને આવીજ મજા માઉન્ટ આબુ માં માણવા મળી રહી છે માઉન્ટ આબુ માં છેલ્લા અઠવાડીયા થી સતત હાડ થીજાવતી ઠંડી પડી રહી હોવાથી લોકો ના જનજીવન પર અસર પડી રહી છે.

## એએમસીનાં એસ્ટેટ વિભાગની સઘન કાર્યવાહી, બે દિવસમાં ૨.૪૪ લાખનો દંડ વસૂલાયો

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા દબાણો દૂર કરવા માટે સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત ૫ અને ૬ જાન્યુઆરી દરમિયાન શહેરના વિવિધ ઝોનમાં દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દબાણો હટાવવાની કામગીરીમાં માત્ર છેલ્લા બે દિવસમાં જ ૨,૪૪,૪૦૦ નો દંડ એએમસી દ્વારા વસૂલાયો હતો. આ કામગીરી દરમિયાન બંને દિવસે ૧૯૩ લારી-ગલ્લા, ૪૫ દૂર કરાયેલા શેડ, ૩૧૨ તાડપત્રી, ૧૪૨૩ દૂર કરાયેલ અન્ય પરચૂરણ માલ સામાનની સંખ્યા, ૫૦૬ જાહેર રસ્તા પર જાહેરાતનાં બોર્ડ, ૪૦૫ લોક કરેલા વાહનો, ૧૪ ગેરકાયદેસાર પાર્ક થયેલ વાહનોને ટોઈંગ કરેલ વાહનો, અને ૪૦૫ દંડ કરેલ વાહનોની કુલ સંખ્યા છે. આ કામગીરી અંતર્ગત પશ્ચિમ ઝોનમાં ગોલ્ડન ટ્રાઈએન્ગલ, સ્ટેડિયમ ચાર રસ્તા, સ્વસ્તિક ચાર રસ્તા, પંચવટી પાંચ રસ્તા, પરિમલ ગાર્ડન અંડરપાસ, રેલ્વે લાઈન સુધીનો જાહેર રસ્તો, સરદાર પટેલ સ્ટેચ્યુ, નારણપુરા ચાર રસ્તા, અંકુર ચાર રસ્તા, શાસ્ત્રીનગર વિસ્તારમાં દબાણો હટાવવાની કામગીરી થઈ હતી. તેમજ ઉત્તર પશ્ચિમ ઝોનમાં ડમરૂ સર્કલ ઘાટલોડિયા થી ચાણક્યપુરી રોડ થઈ ગુજરાત હાઈકોટ કોમ્પ્લેક્સ સુધીનો રસ્તો, તથા રન્નાપાર્કથી પ્રભાત ચોક સુધી, જજીસ બંગલો રોડ પકવાન ચાર રસ્તાથી માનસી સર્કલ થઈ કેસવબાગ સુધીનો રોડ, ઈસ્કોન ચાર રસ્તાથી પકવાના ચાર રસ્તા થઈ થલતેજ ચાર રસ્તાથી ગોતા ચાર રસ્તાથી વૈષ્ણોદેવી સર્કલ સુધી. ઉત્તર પશ્ચિમ ઝોનના ઉપરોક્ત રૂટ સિવાયના અન્ય વિસ્તારોમાં કામગીરી થઈ હતી.

જૂની ટેક્સ ફોર્મ્યુલા મુજબની રહેણાંક અને બિનરહેણાંક બંને પ્રકારની મિલકતો માટે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન ૧૦૦ ટકા વ્યાજ માફી આપવામાં આવશે

# એએમસીની ‘વ્યાજ માફી યોજના’ને નાગરિકોનો મળ્યો વ્યાપક પ્રતિસાદ | ૭ દિવસમાં રૂ.૨૪.૦૧ કરોડની વસૂલાત

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૭ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બાકી મિલકત વેરાની વસૂલાત ઝડપી બનાવવા અને કરદાતાઓને વ્યાજમાં મોટી રાહત આપવા માટે ૧ જાન્યુઆરીથી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી જાહેર કરાયેલી ‘વ્યાજ માફી યોજના’ને શહેરના નાગરિકોનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. યોજના શરૂ થયાના માત્ર ૭ જ દિવસમાં એટલે કે ૧ થી ૭ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન કુલ ૨૪,૮૮૭ કરદાતાઓએ લાભ લઈ રૂ.૨૪.૦૧ કરોડનો મિલકત વેરો ભર્યો છે.એએમસીના તમામ સાત ઝોનમાંથી નોંધપાત્ર વસૂલાત આવેલ છે. મધ્ય ઝોનમાં ૨૩૮૦ કરદાતાઓએ રૂ.૩.૬૦ કરોડ, ઉત્તર ઝોનમાં ૩૨૪૩ કરદાતાઓએ રૂ.૧.૭૬ કરોડ, દક્ષિણ ઝોનમાં ૪૫૫૦ કરદાતાઓએ રૂ.૨.૪૦




કરોડ, પૂર્વ ઝોનમાં ૪૮૦૩ કરદાતાઓએ રૂ.૨.૯૦ કરોડ, પશ્ચિમ ઝોનમાં ૧૯૮૮ કરદાતાઓએ રૂ.૨.૮૪ કરોડ, ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૪૮૫૬ કરદાતાઓએ રૂ.૫.૮૯ કરોડ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૩૦૬૭ કરદાતાઓએ રૂ.૪.૬૩ કરોડનો મિલકત વેરો ભર્યો છે.એએમસી દ્વારા જાહેર કરાયેલી આ યોજના હેઠળ જૂની ટેક્સ ફોર્મ્યુલા મુજબની રહેણાંક અને બિનરહેણાંક (કોમર્શિયલ) બંને પ્રકારની મિલકતો માટે જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન ૧૦૦ ટકા વ્યાજ માફી આપવામાં આવશે. નવી ટેક્સ ફોર્મ્યુલા મુજબ રહેણાંક મિલકતો માટે જાન્યુઆરીમાં ૮૫ ટકા, ફેબ્રુઆરીમાં ૮૦ ટકા અને માર્ચમાં ૭૫ ટકા વ્યાજ માફી મળશે. દર મહિને વ્યાજ માફીમાં ૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જેથી વહેલી ચૂકવણી કરનારને વધુ લાભ મળે.તે જ રીતે, નવી ટેક્સ ફોર્મ્યુલા મુજબ બિનરહેણાંક મિલકતો માટે જાન્યુઆરીમાં ૬૫ ટકા, ફેબ્રુઆરીમાં ૬૦ ટકા અને માર્ચમાં ૫૦ ટકા વ્યાજ માફી આપવામાં આવશે. આ ઉપરાંત, શહેરની તમામ ચાલી તથા ઝૂંપડાવાળી રહેણાંક મિલકતોને પણ ૧ જાન્યુઆરીથી ૩૧ માર્ચ ૨૦૨૬ દરમિયાન મિલકત વેરાના વ્યાજમાં ૧૦૦ ટકા માફી આપવામાં આવશે.જો કે, વર્ષ ૨૦૨૫–૨૬ના ચાલુ વર્ષના મિલકત વેરા માટે આ ઈન્સેન્ટિવ રીબેટ યોજના લાગુ નહીં પડે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ વ્યાજ માફી યોજનાથી એક તરફ બાકી મિલકત વેરાની વસૂલાતમાં નોંધપાત્ર વધારો થવાની સાથે બીજી તરફ શહેરના કરદાતાઓને વ્યાજમાં મોટી આર્થિક રાહત મળશે.

## કોલસાનું ખનન કરનાર ૧૧ ભૂમાફિયા સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ કાર્યવાહી કરાશે

| પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૭ |

મુળીના ખંપાળીયા ગામની સરકારી જમીનમાં ગેરકાયદેસર કોલસાનું ખનન કરનાર ૧૧ ભૂમાફિયાઓ સામે લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ કાર્યવાહી કરાઈ હાથ ધરાઇ છે. સ્થળ પરથી ચોટીલા ડેપ્યુટી કલેક્ટર અને મુળી મામલતદાર, મુળી પીજીવીસીએલની સંયુક્ત ટીમો દ્વારા ૦૭ વીજ ટ્રાન્સફોર્મર ઉતારી કબજે કરવામાં આવ્યા છે.મુળી તાલુકાના ખંપાળીયા ગામની સરકારી સર્વે નંબર ૫૦ તથા ૧૬૧ વાળી જમીનમાં અંદાજે ૦૬ મહિના પહેલા ચોટીલા ડેપ્યુટી કલેકટર અને તેમની ટીમે દરોડો પાડયો હતો. તે સમયે તપાસ દરમિયાન (૧) ખોડાભાઇ લીંબાભાઇ રબારી (૨) આલાભાઇ લીંબાભાઇ રબારી (૩) પ્રભુભાઇ ઘુસાભાઇ કોળી (૪) જેમાભાઇ હરજીભાઇ બાવળીયા (૫) પેમાભાઇ હરજીભાઇ બાવળીયા (૬) ખીમાભાઇ મેરુભાઇ રબારી (૭) મેરુભાઇ રામાભાઇ રબારી (૮) ગોવિંદભાઇ લાખાભાઇ રબારી (૯) રાજાભાઇ લાખાભાઇ રબારી (૧૦) મંગાભાઇ કાનાભાઇ બાવળીયા (૧૧) ભીમાભાઇ ભરવાડ સહિતનાઓ દ્વારા ગેરકાયદેસર કોલસાનું ખનન કરી સરકારી મિલકતને મોટાપાયે નુકશાન પહોચાડયું હોવાનું સામે આવ્યું હતું.

## પીપલગ રોડ પરની દુકાનમાંથી ૩૦૦ થી ૩૫૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક કબજે

| પ્રતિનિધિ, નડિયાદ, તા.૭ |

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ અને વેચાણ રોકવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના પીપલગ એપીએમસીની બહાર આવેલી એક દુકાનમાં મોટા પાયે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો હોવાની બાતમીના આધારે પાલિકાની સેનિટરી ટીમે દરોડા પાડી અંદાજે ૩૦૦થી ૩૫૦ કિલો પ્લાસ્ટિકનો જથ્થો ઝડપી પાડયો છે.નડિયાદ મહાનગરપાલિકાની સેનેટરી વિભાગની ટીમે પીપલગ એપીએમસીની બહાર આવેલી કાકા પાન કોર્નર નામની દુકાન, જે સતીષભાઈ જાદવ દ્વારા ભાડે રાખીને ચલાવવામાં આવતી હતી, ત્યાં રેડ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન દુકાનમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકના કુલ ૧૮ જેટલા કટ્ટા મળી આવ્યા હતા. જેમાં ૨૫ કિલો, ૩૦ કિલો, ૨૨ કિલો અને ૨૮ કિલો મુજબના અલગ-અલગ વજનના પેકેટ હતા. કુલ મળીને અંદાજે ૩૦૦થી ૩૫૦ કિલો જેટલો ગેરકાયદે પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી દુકાનને તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવી છે. તંત્રની તપાસમાં સામે આવ્યું છે કે, આ પ્રતિબંધિત માલ ગંજ બજારમાં આવેલી રોયલ એન્ટરપ્રાઇઝ નામની પેઢી પાસેથી લાવવામાં આવતો હતો. આ ઉપરાંત કેટલોક જથ્થો બરોડાથી પણ મંગાવવામાં આવતો હોવાનું ખુલ્યું છે.




ધોરણ ૭ પાસથી લઈને ઉચ્ચ અભ્યાસ સુધીના ઉમેદવારો માટે સ્થળ પર જ ઇન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરાઈ

# ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ધારાસભ્ય પાયલ કુકરાણીની ઉપસ્થિતિમાં રોજગાર ભરતી મેળો યોજાયો

**ચાર જિલ્લાને આવરી લેતા કલસ્ટર કક્ષાના રોજગાર મેળામાં ૪૫થી વધુ કંપનીઓ દ્વારા ૧૫૦૦થી વધુ રોજગારીની તકો પુરી પડાઈ**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના છારોડી સ્થિત કેમ્પસ ખાતે ધારાસભ્ય પાયલ કુકરાણીની ઉપસ્થિતિમાં ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતી મેળો સફળતાપૂર્વક યોજાયો હતો.શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ આયોજિત આ રોજગાર મેળામાં અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ઉત્સાહી ઉમેદવારોએ ભાગ લીધો હતો. આ રોજગાર મેળામાં ખાનગી ક્ષેત્રની ૪૫થી વધુ નામાંકિત કંપનીઓએ ભાગ લઈ વિવિધ ક્ષેત્રોમાં કુલ ૧૫૦૦થી વધુ રોજગારીની તકો પુરી પાડવામાં આવી હતી.આ ભરતી મેળામાં ધોરણ ૭ પાસથી લઈને ઉચ્ચ સ્નાતક સુધીના વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો માટે સ્થળ પર જ ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેના કારણે ઉમેદવારોને એક જ સ્થળે રોજગાર મેળવવાનો સારો અવસર પ્રાપ્ત થયો હતો.આ પ્રસંગે ધારાસભ્ય પાયલ કુકરાણીએ યુવાનોને સંબોધતા જણાવ્યું હતું કે ભારત પાસે રહેલી વિશાળ યુવા શક્તિ





દેશના 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ' માટે સુવર્ણ તક છે. તેમણે જાપાનના અર્થતંત્રનું ઉદાહરણ આપી સમજાવ્યું હતું કે જો યુવાનો પૂરા ઉત્સાહ, કૌશલ્ય અને પ્રતિબદ્ધતા સાથે કાર્યરત થાય તો આગામી ૨૦થી ૨૫ વર્ષોમાં 'વિકસિત ભારત'નો સંકલ્પ ચોક્કસ સાકાર થશે. તેમણે ઉમેર્યું કે રોજગાર મેળવવો એ માત્ર વ્યક્તિગત સફળતા નથી, પરંતુ તે દેશની જીડીપી અને સમૃદ્ધિમાં સીધું યોગદાન આપવાની મહત્વપૂર્ણ તક છે.આ પ્રસંગે મદદનીશ રોજગાર નિયામક સુશ્રી મોનિષા સહાનીએ જણાવ્યું હતું કે રોજગાર કચેરી દ્વારા સંચાલિત 'અનુબંધમ' પોર્ટલ નોકરીદાતાઓ અને ઉમેદવારોને જોડવાનું અસરકારક અને વિશ્વસનીય માધ્યમ બની રહ્યું છે. ગુજરાતમાં બેરોજગારીનો નીચો દર રોજગાર કચેરીઓની સક્રિય અને પરિણામલક્ષી કામગીરીનું પ્રતિબિંબ છે. તેમણે યુવાનોને શરૂઆતના પ ગારને પ્રાધાન્ય આપવાને બદલે લાંબાગાળાની કારકિર્દી વિકાસ, સતત કૌશલ્ય વૃદ્ધિ અને સ્કિલ ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાની અપીલ કરી હતી.ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાયે 'શ્રમના ગૌરવ' પર ભાર મૂકતા જણાવ્યું હતું કે કોઈપણ કાર્યમાં વ્યક્તિનો હોદ્દો નહીં પરંતુ તેનું યોગદાન જ તેની સાચી ઓળખ નક્કી કરે છે. તેમણે નવી શિક્ષણ નીતિ અંતર્ગત કૌશલ્ય આધારિત શિક્ષણ અને તાલીમના મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે જ્યારે કાર્યને પૂજા સમજીને કરવામાં આવે છે ત્યારે જ રાષ્ટ્ર નિર્માણમાં સાચું અને ટકાઉ યોગદાન આપી શકાય છે.આ પ્રસંગે રોજગાર અધિકારી શ્રી નિશાંત શુક્લા, શ્રી હિતેશ ગઢવી, પ્રો. ડૉ. નિલેશ મોદી સહિતના અધિકારીઓ, યુનિવર્સિટી સ્ટાફ તથા મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નાગપુર મહારાષ્ટ્ર ના લીલાબેન ના અંગદાન થી એક લીવર, બે કીડની નું દાન મળ્યું

# સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૨૬ નું પ્રથમ અંગદાન : અત્યાર સુધી કુલ ૨૨૪ અંગદાન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૮ ।

સિવિલ હોસ્પિટલ માં થયેલ આ અંગદાનની વિગતો જણાવતા સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશે જણાવ્યું હતું કે, ઉમરેડ નાગપુર મહારાષ્ટ્રના રહેવાસી એવા ૫૬ વર્ષીય લીલાબેન રોત વિરમગામ ખાતે દીકરીને મળવા આવેલ જ્યાં તારીખ ૦૩.૦૧.૨૦૨૫ ના રોજ મગજ માં હેમરેજ થતા સારવાર માટે પ્રથમ વિરમગામની સપામ હોસ્પિટલ અને ત્યારબાદ તા. ૦૪.૦૧.૨૦૨૫ ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ આવેલ. સિવિલ હોસ્પિટલ અમદાવાદ માં સારવાર દરમ્યાન ફરજ પરના ડોક્ટરોએ લીલાબેન તારીખ ૦૬.૦૧.૨૦૨૫ ના રોજ બ્રેઈન ડેડ હોવાનુ નિદાન કર્યુ.સિવિલ હોસ્પિટલ અંગદાન ટીમ દ્વારા તેમના દીકરા દીકરીને લીલાબેન બ્રેઈન ડેડ હોવાનુ તેમજ તેમના અંગો નુ દાન કરવા સમજાવ્યા હતા. પિતાની ગેરહાજરીમાં આવી કઠિન પરિસ્થિતિ માં માતાના અંગદાન અંગેનો નિર્ણય લેવો બાળકો માટે ખૂબ જ કપરો હતો. સિવિલ હોસ્પિટલ દ્વારા અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ ના દીલીપ દેશ્મુખ દાદાનો સંપર્ક કરતા તેમણે જાતે આવી પિતા વિહીન બાળકોને લીલાબેનની બ્રેનડેડ પરિસ્થિતિ તેમજ અંગદાન કરવા સમજાવી અંગદાન માટે સંમતિ મેળવી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે આજદિન સુધીમાં કુલ ૨૨૪ અંગદાન થકી કુલ ૭૪૨ અંગોનું દાન મળ્યું છે.

## જામનગરમાંથી ઇંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલા બે શખ્સો પકડાયા

। પ્રતિનિધિ, જામનગર, તા ૮ ।

જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલો એક બાઈક ચાલક ઝડપાયો છે, જ્યારે એક શખ્સની સુપર માર્કેટ પાસેથી ઈંગ્લિશ દારૂ સાથે પોલીસે અટકાયત કરી છે.જામનગરમાં વાણંદ શેરીમાં રહેતો હિતેશ દોલતભાઈ મારુ નામનો વાણંદ શખ્સ પોતાના બાઈકમાં ઈંગ્લિશ દારૂ સાથે પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી પસાર થયો હોવાથી પોલીસે તેને અટકાવીને તલાસી લેતાં તેના કબજા માંથી ચાર નંગ ઈંગ્લિશ દારૂની બાટલી મળી આવી હતી. પોલીસે બાઈક અને દારૂ કબજે કરી લઈ આરોપી હિતેશ મારુ ની અટકાયત કરી લીધી છે.આ ઉપરાંત સુપર માર્કેટ વિસ્તારમાંથી ૧૫ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી સાથે નીકળેલા સુરેશ ગિરધારીલાલ શર્મા નામના શખ્સને સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે ઝડપી લીધો છે, અને તેની સામે દારૂબંધી ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.જામનગર શહેરમાં પંચેશ્વર ટાવર વિસ્તારમાંથી ઈંગ્લિશ દારૂની હેરાફેરી કરી રહેલો એક બાઈક ચાલક ઝડપાયો છે, જ્યારે એક શખ્સની સુપર માર્કેટ પાસેથી ઈંગ્લિશ દારૂ સાથે પોલીસે અટકાયત કરી છે.

## પાવાગઢથી પરત ફરતા વડોદરાના બે શિક્ષકો નર્મદા કેનાલમાં ડૂબ્યા, એકને બચાવવા જતાં બંને તણાયા

। પ્રતિનિધિ, વડોદરા, તા.૮ ।

ક્યારે કેવી આફત આવી પડે કોને ખબર! પાવાગઢ દર્શને આવેલા વડોદરાના ખાનગી શાળા બે શિક્ષકો ડૂબ્યાં છે. ગઈકાલ (૪ જાન્યુઆરી)ના રોજ સાંજે બનેલી આ ઘટનામાં હજુ પણ બંને શિક્ષકોમાંથી એક પણનો પત્તો મળ્યો નથી, ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસની ટીમો શિક્ષકોને છેલ્લા ૨૪ કલાકથી કેનાલમાં શોધી રહી છે. પણ પ્રચંડ વહેણને કારણે હજુ સુધી કોઈ ભાળ મળી નથી. વડોદરાની એક ખાનગી શાળામાં અભ્યાસ કરાવતા અને વડોદરા ખાતે રહેતા (મૂળ પરપ્રાંતિય) ચાર શિક્ષક મિત્રો શુભમ મિથિલેશકુમાર પાઠક, રાહુલ વિરેન્દ્ર યાદવ, વિદ્યુત પ્રકાશ રવિન્દ્ર સિંગ અને અસીત જનમેજય ઓઝા પાવાગઢ દર્શન માટે ગયા હતા. બપોરે દર્શન કર્યા બાદ તેઓ સાંજે ૭:૩૦ કલાકની આસપાસ હાલોલ વડોદરા હાઈવે પર ખંડીવાળા ખાતે આવેલી નર્મદાની મુખ્ય કેનાલ ખાતે પાળ પર આવીને બેઠા હતા. જ્યાં રાહુલ યાદવ નામના શિક્ષક નર્મદાના કેનાલમાં પોતાનો પગ ધોવા માટે ગયા હતા. તે દરમિયાન અચાનક જ તેઓનો પગ લપસી જતા તે પાણીમાં ડૂબવા લાગ્યા હતા. મિત્ર શિક્ષકને ડૂબતો જોઈ ક્ષણ ભરનો વિચાર કર્યા વગર શુભમ પાઠક કેનાલમાં કૂદી ગયા હતા. તેમણે તરતા પણ આવડતું હતું, પણ કુદરતને બીજું જ મંજૂર હતું. નર્મદાના ધસમસતા વહેતા ઊંડા પાણીમાં બંને ડૂબવા લાગ્યા હતા. અને પ્રવાહ સાથે આગળ તણાઈ રહ્યા હતા. સાથીદારોને ડૂબતાં જોઈ હાજર અન્ય બે શિક્ષકો ગભરાઈ જતાં ચીસાચીસ કરી મદદ માટે ગુહાર લગાવી હતી અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને હાલોલ નગરપાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી, અને નર્મદાના ઊંડા પાણીમાં ડૂબેલા બંને શિક્ષક મિત્રોની શોધમાં જોતરાઈ હતી.






## તંત્રી લેખ..

# કુપોષણનુ દુષણ જારી

ભારતમાં સ્વતંત્રતાના ૭૫ વર્ષ બાદ પણ કુપોષણનુ દુષણ રહ્યુ છે જે ચિંતાની બાબત છે. દેશમાં તમામ સરકારો આ દુષણને રોકવા માટે વિવિધ પગલા લેતી રહી છે પરંતુ આ દુષણ હજુ જારી રહ્યુ છે. એકબાજુ ભારત દુનિયાના બીજા સૌથી મોટા ખાદ્યાન્ન ઉત્પાદક દેશ તરીકે છે તો બીજી બાજુ કુપોષણના આંકડા વિચારણા કરવા માટે મજબુર કરે છે. વિકાસના તમામ મોટા મોટા દાવા છતાં ભારત હજુ પણ ભુખમરા અને ગરીબી જેવી મુળભુત સમસ્યામાં ગ્રસ્ત છે. આ બંને સમસ્યાને દુર કરવાના પ્રયાસ યુદ્ધના સ્તરે કરવામાં આવી રહ્યા હોવા છતાં પરિણામ ૧૦૦ ટકા મળી રહ્યા નથી. સમય સમય પર થનાર અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે તમામ પ્રકારની સારી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હોવા છતાં દેશમાં ભુખમરા અને ગરીબી પર લગામ લગાવી દેવામાં સફળતા મળી નથી. વર્તમાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા વ્યાપક સ્તર પર ખાદ્ય સુરક્ષા અને ગરીબી વિરોધી કાર્યક્રમ ચલાવી દેવામાં આવ્યા છે. તેમ છતાં પુરતા પ્રમાણમાં પરિણામ મળી રહ્યા નથી. તમામ પ્રકારની યોજનાનો લાભ લેનાર લોકો અને નહીં લેનાર લોકોની સંખ્યામાં ખુબ અંતર છે. જે સાબિત કરે છે કે પ્રાથમિકતાના સ્તર પર કમી જોવા મળે છે. દેશમાં એક તૃતિયાંશ કરતા વધારે બાળકો આજે પણ કુપોષણના શિકાર થયેલા છે. અમે ખુશ થઇ શકીએ છીએ કે છેલ્લા એક દશકના ગાળામાં કુપોષણમાં ઘટાડો થયો છે. પરંતુ સંપૂર્ણ ચિત્ર પર નજર કરવામાં આવે તો હજુ નિરાશા હાથ લાગે છે. ખુશી સ્થાયી થઇ શકે તેમ નથી. સામાન્ય રીતે અમારે ત્યાં સામાન્ય કુપોષણગંભીર રીતે કુપોષણ એક મહામારી તરીકે દેખાય છે. કુપોષણ ભારતમાં એક મહામારીની જેમ મોટી સંખ્યામાં બાળકોને તેના સકંજામાં આવી લે છે. આ સમસ્યાને હાથ ધરવા માટે જે પગલા લેવામાં આવી રહ્યા છે તે પગલા પુરતા અસરકારક સાબિત થઉ રહ્યા નથી. ભુખમરાની સામે લડાઈમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, વૈશ્વિક સંગઠનો અને સ્થાનિક તંત્ર પોત પોતાની રીતે કામ કરે તે જરૂરી છે. તમામ સંબંધિતો પોત પોતાના કાર્યક્રમોને વધારે સારા સ્વરૂપમાં રજૂ કરવામાં આવે તે જરૂરી છે. કેટલાક રિપોર્ટ તો સાફ શબ્દોમાં ઈશારો કરે છે કે પુરતા પ્રમાણમાં પોષણની ખાતરી કરવામાં દેશ નિષ્ફળ છે. અલબત્ત કુપોષણના સ્તરને ઘટાડી દેવા માટેના પ્રયાસમાં કેટલાક સ્તરમાં ઘટાડો થયો છે. ગંભીર રીતે કુપોષણનો શિકાર રહેલા બાળકોની ટકાવારી વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૮ ટકા હતી તે હવે ઘટીને ૨૦૧૫-૧૬માં ૩૮.૪ ટકા જેટલી થઇ હતી. ભારતમાં પાંચ વર્ષથી નીચેની વયના બાળકોમાં કુપોષણનુ પ્રમાણ ૩૫.૭ ટકાની આસપાસ છે. જેમાં બિહારમાં સંખ્યા સૌથી વધારે ૪૮.૩ ટકાની આસપાસ છે. ત્યારબાદ ઉત્તરપ્રદેશ, ઝારખંડ, મેઘાલય અને અન્ય રાજ્યો આવે છે. કુશળ મેનેજમેન્ટવાળા રાજ્યોમાં કેરળ, ગોવા, મેઘાલય તમિળનાડુ અને અન્ય રાજ્યો છે. જે રાજ્યોમાં સરકાર પરિવાર નિયોજન, જન્મ આરોગ્ય કાર્યક્રમની અવગણના કરી રહી છે ત્યાં કુપોષણની સમસ્યા સૌથી વિકટ અને ગંભીર બનેલી છે.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઇ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઇને વધારે સાવધાન થઇ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઇમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઇન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઇટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઇ રહી છે. તબીબો કહે છે કે આઇસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઇ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઇટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઇફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઇબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઇફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઇવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઇવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઇન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઇ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઇને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

**૨૪મે શીતળાના રોગથી વિશ્વને મૂક્ત કરાવનાર ડો.એડવર્ડ જેનરને સલામ**

**કોરોનાને કાબુમાં લેવા માટે દુનિયાભરના સંશોધકો રસી સંશોધન પર કામ કરી રહ્યાં છે. એ રસીકરણની શરૂઆત સવા ત્રણસો વર્ષ પહેલાં એડવર્ડ જેનરે કરી હતી. એડવર્ડ જેનરે ૧૭૯૮માં રસીકરણ વડે રોગ અટકાવી શકાય તેની શોધ કરી.**

# શીતળાના રોગથી વિશ્વને મૂક્ત કરાવનાર ડો.એડવર્ડ જેનરને સલામ

**૧૯૬૭માં WHOએ રોગ નાબુદી માટે પ્રયત્ન આદર્યા. નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે. તેના અંગ્રેજી નામ સ્મોલપોક્સનો ઉપયોગ ૧૬મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો.**

કોરોનાને કાબુમાં લેવા માટે દુનિયાભરના સંશોધકો રસી સંશોધન પર કામ કરી રહ્યાં છે. એ રસીકરણની શરૂઆત સવા ત્રણસો વર્ષ પહેલાં એડવર્ડ જેનરે કરી હતી. એડવર્ડ જેનરે ૧૭૯૮માં રસીકરણ વડે રોગ અટકાવી શકાય તેની શોધ કરી. ૧૯૬૭માં WHOએ રોગ નાબુદી માટે પ્રયત્ન આદર્યા. નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે તેના અંગ્રેજી નામ સ્મોલપોક્સનો ઉપયોગ ૧૬મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે.



તેના અંગ્રેજી નામ સ્મોલપોક્સનો ઉપયોગ ૧૬મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો. અન્ય અંગ્રેજી નામોમાં પોક્સ, સ્પેકલ્ડ મોન્સ્ટર અને રેડ પ્લેગનો સમાવેશ થાય છે. અઢારમી સદીના મધ્યભાગમાં યુરોપમાં કાઉપોક્ષ નામનો રોગ ગાયોમાં સંક્રાંત થયા પછી વિશાળ માત્રામાં માણસોમાં ફેલાતો હતો. 'વાકા' લેટિન શબ્દો અર્થ ગાય થાય છે, જે પરથી વેસિનિટ આ રોગ માટે જાણીતો શબ્દ બન્યો. અગાઉ શીતળાના રોગથી ઘણા લોકોના મૃત્યુ થયા હતા. જે સઘન રસીકરણ પછી હવે વિશ્વમાં ક્યાય શીતળાનો રોગ દેખાતો નથી. તેનો શ્રેય શીતળાની રસીના શોધક ડો.એડવર્ડ જેનરના ફાળે જાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ના ૧૯૬૭માં બહાર પાડેલા એક ચોંકાવનારા સર્વેક્ષણ-સંશોધન મુજબ અઢારમી સદીના અંત સુધીમાં યુરોપ અને અમેરિકાના કુલ છ કરોડ લોકો એકલા શીતળાના રોગથી માર્યા ગયા હતા. ૧૭૨૧માં એમેરિકાના બોસ્ટન શહેરની અડધી વસ્તી શીતળા ગ્રસ્ત હતી, જેમાં દસે એક વ્યક્તિ આ મહામારીમાં મૃત્યુ પામી હતી. ૧૭૪૯માં ઈંગ્લેન્ડના ગ્લોટશાયર કસબામાં એક પાદરી પિતાના ઘરે જન્મેલા, એડવર્ડ જેનરે ચિકિત્સાશાસ્ત્રનું વ્યવહારિક જ્ઞાન લંડનના સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાંથીએ સમયના મહાન સર્જક જોન હન્ટરના માર્ગદર્શન નીચે મેળવ્યું હતું. વેસિનિયાએ ગહન અધ્યયન અને સંશોધન પોતાના પરાર્મશદાતા અને પથદર્શક ગુરૂ ડો.જોન હન્ટરના માર્ગદર્શન નીચે કર્યું. બધા મળીને કુલ ૨૭ કાઉપોક્ષ રોગીઓનો ક્રમીક ઈતિહાસ અને વિવિધ પરીક્ષણો કર્યા. તેઓએ નોંધ્યું કે કાઉપોક્ષના દર્દીઓને શીતળાનો રોગ થયો નહી. કેટલાક રોગગ્રસ્ત દર્દીઓની ભુજા પર શીતળાના કીટાક્ત દ્રવ્યો (વાઈરસયુક્ત પ્લાઝમા)ને ઈજેક્ટ કરીને જોયું કે તેમને શીતળાનો રોગ બિલકુલ થયો નહીં. ૧૭૯૬માં ડો.જેનરે એક મહત્વના પરીક્ષણ માટે જેમ્સ ફિપ્પ નામના આઠ વર્ષના એક બાળકને તેના માતા-પિતાની મંજૂરી લઈને શીતળાની રસીના મહત્વપૂર્ણ નિર્ણાયક પરીક્ષણ માટે તૈયાર કર્યો. કાઉપોક્ષના વાઈરસનો તેના શરીરમાં દાખલ કરી બિમાર બનાવ્યો. થોડા સમય પછી શીતળાના વાઈરસને તેના શરીરમાં દાખલ કરી નિરીક્ષણ કર્યું તો માલૂમ પડયું કે બાળકને શીતળાનો રોગ બિલકુલ લાગુ ન પડયો. બ્રિટીશ સરકારે તેમને માનવ કલ્યાણ અર્થે શોધેલી શીતળા વિરોધી રસીના સંદર્ભે નાઈટહુડ ખિતાબ તથા સમગ્ર વિશ્વે તેમનું અમુલ્ય બહુમાન કર્યું. ૧૮૦૦થી ૧૯૪૭ સુધી બ્રિટીશ સરકારે પબ્લીક હેલ્થ અને વેકિસનેસન પોલીસી અંતર્ગત ભારતમાં જન્મતા પ્રત્યેક બાળકને શીતળાની રસી મુકવાનો કાર્યક્રમ ઘડયો. સ્વતંત્ર ભારતમાં ઈન્ડીયન નેશનલ સ્મોલ-પોક્ષ ઈરેડિકેશન પ્રોગ્રામ તળે ભારત સરકારે રસીકરણના ભગીરથ પ્રયત્નો કર્યા. ૧૯૪૭થી ૧૯૭૭ સુધી કંટ્રોલ અને ઈરેડિકેશન પ્રોગ્રામ ઓફિ સ્મોલપોક્ષ અંતર્ગત વિશ્વ આરોગ્ય સંસ્થાએ વિશાળ માત્રામાં પ્રત્યેત ઘરે ઘરે ફરીને રસીકરણ કર્યા, જેની ફુલશ્રુતિ સ્વરૂપે ૧૯૭૭માં ભારતમાંથી અને સમગ્ર વિશ્વમાંથી શીતળાનો મહાવિનાશક ચેપ ગ્રસ્ત રોગ સદાયને માટે વિદાય થઈ ગયો. શીતળાનો ઈતિહાસ દસેક હજાર વર્ષ પુરાણો છે. ઈજિપ્તના રાજવી રામસે પાંચમાનુ મમી ખોલ્યું, ત્યારે તેના ચહેરા પર પણ શીતળાના ચિહ્નો હતા. ચીનના પ્રાચીન ગ્રંથો અને આપણા સંસ્કૃત પાઠોમાં શીતળાનો ઉલ્લેખ છે. એટલે કે સદીઓ સુધી ધરતીના સાતેય ખંડો પર રાજ કરવાનું કામ આ રોગચાળાએ કર્યું હતું. પણ એડવર્ડ જેનરે શોધેલાં બે ટીપાંએ હજારો વર્ષ જૂનો શીતળાનો ઈતિહાસ મીટાવી દીધો. એડવર્ડ જેનરે શીતળાની રસી બનાવી જેનાથી એ વખતે જગતમાં દર વર્ષે લગભગ ચાર લાખ લોકો મૃત્યુ પામતા હતા. ઈંગ્લેન્ડનાં તો પાંચ રાજવીઓ શીતળાને કારણે સ્વર્ગ-નર્કમાં પહોંચી ગયા હતા. ૧૭૨૧માં અમેરિકાના બૉસ્ટન શહેરમાં શીતળાનો રોગચાળો ફેલાતા શહેરની અડધી વસતીને ચેપ લાગ્યો હતો. જેને શીતળા થાય એ પૈકીના ત્રીજા ભાગના દરદી જીવ ગુમાવતા હતા અને જે જીવતા એ કદરૂપા બની જતાં. શીતળાના ચાંઠા તેની કાયાને કંચનમાંથી કથીર જેવી બનાવી દેતાં હતાં. ભારતમાં શીતળાનો ત્રાસ અને તેની માન્યતાઓ કંઈ અજાણી નથી. એવા સંજોગો હતા ત્યારે એડવર્ડે માત્ર શીતળાની રસી શોધી એવુ નથી, રસીકરણની શરૂઆત જ તેમણે કરી. આજે વપરાતો શબ્દ 'વેક્સિનેશન' પણ તેમની જ દેન છે. લેટિન શબ્દ 'વાકા'નો અર્થ 'ગાયમાંથી આવેલું' એવો થતો હતો. તેના પરથી એડવર્ડે શબ્દ આપ્યો જેનરની મેથડ ઈંગ્લેન્ડ બહાર નીકળી યુરોપના અન્ય દેશોમાં ફેલાઈ ગઈ. યુરોપભરના ડૉક્ટરો એડવર્ડને પત્ર લખી રસી મંગાવવા લાગ્યા, શીતળાના દરદીઓને આપવા લાગ્યાં અને ઠેર ઠેર તેનાં સારાં પરિણામો આવવા લાગ્યાં. એટલાન્ટિક પાર કરીને રસી અમેરિકા પહોંચી.



**નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા આપવાનો પડકાર છે**

**શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે**

# વાયુ પ્રદુષણ સંકટનો પણ ઉકેલ છે

**જો અમેરિકાના અનુભવને લઇને શીખી શકીશુ તો જે સિદ્ધી હાંસલ કરવામાં ૪૦ વર્ષ લાગ્યા તેને ઓછા સમયમાં હાંસલ કરી શકાશે**

બીજા વિશ્વ યુદ્ધના ગાળા દરમિયાન વર્ષ ૧૯૪૩માં એક દિવસે સવારે લોસએન્જલસમાં લોકો ઉઠ્યા ત્યારે તેમની આંખોમાં બળતરા થઇ રહ્યા હતા. હવામાં બ્લીચની અસર જોવા મળી રહી હતી. નજર એટલી કમજોર પડી ગઇ હતી કે કેટલાક દુરના બ્લોક જ દેખાઇ રહ્યા હતા. કેટલાક લોકોને એ વખતે લાગ્યુ હતુ કે શહેર પર હુમલો કરવામાં આવી ચુક્યો છે. ટુંક સમયમાં જ સ્પષ્ટતા કરવામાં આવી કે કોઇ બહારના તત્વના કારણે નહીં બલ્કે કારખાના અને વાહનોના કારણે આ ધુમાડાની અસર જોવા મળી રહી છે. વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઇની માત્ર શરૂઆત હતી. શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે. તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે. જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે. જો કે તેની પ્રકૃતિ અલગ પ્રકારની રહેલી હતી. વર્ષ ૧૯૪૮માં આવા જ પ્રકારના પ્રદુષણના કારણે પેનસિનલ્વેનિયાના નાના શહેર ડોનોરામાં ૨૦ લોકોના મોત થઇ ગયા હતા. સાથે સાથે આ શહેરની વસ્તી



પૈકી અડધી વસ્તી બિમાર થઇ ગઇ હતી. આવી જ રીતે વર્ષ ૧૯૫૩માં છ દિવસ સુધી ન્યુયોર્ક શહેરમાં ટકી ગયેલા સ્મોગના કારણે ૨૩૦ લોકોના મોત થઇ ગયા હતા. દુષિત હવાના કારણે અમેરિકામાં પહેલાથી જ લોકોના મોત થઇ રહ્યા હતા. પરંતુ વર્ષ ૧૯૫૫માં યુનાઇટેડ સ્ટેટ ઓફ અમેરિકાએ તેના પ્રથમ બંધારણીય વાયુ પ્રદુષણ કાનુન પસાર કરીને નવી લડાઇની શરૂઆત કરી હતી. ત્યારબાદ કોંગ્રેસે ૧૯૭૦માં ક્લીન એર એક્ટ બનાવવામાં ૧૫ વર્ષ બીજા લાગી ગયા હતા. ત્યારબાદ બાજ નજર અને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. પરિણામે ૧૯૭૦થી લઇને ૨૦૧૭ સુધી છ સામાન્ય પ્રદુષક તત્વોના કુલ રાષ્ટ્રીય ઉત્સર્જન સરેરાશ ૭૩ ટકા ઘટી જતા તેના સારા પરિણામ હાથ લાગ્યા હતા. આજે અમેરિકા કેટલાક એવા દેશોમાં સામેલ છે જ્યાં હવા દુનિયામાં સૌથી વધારે સ્વચ્છ છે. સમય લાગ્યો પરંતુ એક સાર્થક પરિવર્તનની દિશામાં પગલુ લેવાયુ હતુ. આજે ભારત એજ પડકાર અને સમસ્યાનો સામનો કરે છે જે સમસ્યાનો સામનો અમેરિકાએ ભુતકાળમાં કર્યો હતો. જો ભારત અમેરિકાના અનુભવને લઇને શીખે છે તો તેને ફાયદો થઇ શકે છે. ભારતમાં અમેરિકાના રાજદુત કેનેથ જસ્ટરે કહ્યુ છે કે જે સિદ્ધી હાંસલ કરવામાં અમને ૪૦ વર્ષ લાગ્યા તેને હાંસલ કરવામાં ભારત ઓછા સમયમાં સમસ્યાનો ઉકેલ શોધી શકે છે. માત્ર ઇચ્છાશક્તિ એટલી રાખવી પડશે કે અમને અમારા નાગરિકોને સ્વચ્છ હવા આપવાની છે. મજબુત ઇચ્છાશક્તિ વગર આ સમસ્યા અને પડકારને પાર પાડી શકાશે નહીં. અમે જે બોધપાઠ લઇ ચુક્યા છીએ તે નાના હતા. સૌથી પહેલા તો વૈજ્ઞાનિક સમજદારી વિકસિત કરવાની જરૂર છે. વાયુ પ્રદુષણ કેમ થાય છે તે સમજી લેવાની જરૂર છે. સ્વચ્છ વાયુ બનાવવા કાનુન કઇ રીતે તૈયાર કરવામાં આવે. ટેકનોલોજી પણ આ જ રીતે વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ એક લાંબા ગાળાના પડકાર તરીકે છે જેથી આયોજન પણ જરૂરી છે. લોસ એન્જલસના આધાર પર બોધપાઠ લઇ શકાય છે. હવાને સ્વચ્છ કરવાના પ્રયાસો અવિરત જારી રાખવામાં આવી રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે સ્વચ્છ હવાના આર્થિક લાભ માત્ર સારા આરોગ્ય અને ઉત્પાદકતા સુધી મર્યાદિત નથી. સ્વચ્છ હવા પેદાશમાં પણ વધારો કરે છે. જેના કારણે ખેડુતો અને વન્ય કર્મચારીઓને ફાયદો થાય છે. તે પ્રવાસ અને મનોરંજન તેમજ સ્વસ્થ જીવન માટે પણ પ્રોત્સાહન આપે છે. ઇપીએના તાજેતરના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વચ્છ હવા જુદી જુદી રીતે રીતે સીધો ફાયદો કરાવે છે. લોસએન્જલસની હવાની ગુણવત્તા હાલના વર્ષોમાં જે રીતે બગડી ગઇ છે તેના પર વૈજ્ઞાનિક રીતે પૂર્ણ રીતે અંકુશ મુકવાની બાબત સરળ નથી. છતાં હવાની ગુણવત્તા પર નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે આ પડકારને પહોચી વળવાના તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. એવી ધારણા પણ રહેલી છે કે વાયુ પ્રદુષણને ઘટાડી દેવાથી આર્થિક વૃદ્ધિ પર પ્રહાર થાય છે. અમારા અનુભવ આને સમર્થન આપતા નથી. અમેરિકાના સવારી વાહનો વર્ષ ૧૯૬૦ના દશકની કારની તુલનામાં ૯૮થી ૯૯ ટકા વધારે સ્વચ્છ છે. અને હવાની ગુણવત્તામાં સુધારો થઇ રહ્યો છે. જ્યારે પહેલા કરતા વધારે લોકો આજે વાહનો ચલાવી રહ્યા છે. અમેરિકામાં લેવામાં આવી રહેલા પગલાના કારણે કાર અને અન્ય વાહનોના કારણે થનાર પ્રદુષણમાં પણ ઘટાડો થઇ રહ્યો છે. અમેરિકામાં હવાની ગુણવત્તાને સુધારી દેવાના પ્રયાસો અવિરત રીતે કરવામાં આવે છે. જેનો લાભ તમામ લોકોને મળતો રહે છે.



**ગળાકાપ સ્પર્ધાનાં સમયમાં દરેક ક્ષેત્રમાં સંતોષજનક દેખાવ જરૂરી**

**કેટલાક કર્મચારી ખરાબ પરફોર્મના કારણે એટલા બધા ડરી જાય છે કે તેઓ આગળ કઇ પણ સારા કામ કરી શકતા નથી ખરાબ પરફોર્મ બાદ પણ પ્લાનિંગની સાથે સુધારા કરી શકાય છે અને આગળ વધી શકાય છે**

# સતત પરફોર્મ સુધારવાની જરૂર

**સુધારા માટે સતત પ્રયાસ કરવા, આગળ વધવાના એટીટ્યુડ રાખવાની બાબત પણ જરૂરી છે : જોબ માટે રીડિઝાઇન કરવાની પણ જરૂર**

સફળતા કઇ રીતે મળી શકે છે તે બાબત ખુબ મહત્વપૂર્ણ બની ગઇ છે. સફળતા હાંસલ કરવા માટે તમામ પ્રયાસો સતત કરવામાં આવે છે. કેટલાક કિસ્સામાં સારા પ્રયાસો છતા પણ સફળતા મળતી નથી. જાણકાર નિષ્ણાંત અને બજારમાં મોટી સફળતા મેળવી ચુકેલા લોકો કહે છે કે પરફોર્મમાં સુધારા કરીને મોટી સફળતા હાંસલ કરી શકાય છે. કેટલાક કર્મચારી ખરાબ પરફોર્મના કારણે એટલા બધા ડરી જાય છે કે તેઓ આગળ કઇ પણ સારા કામ કરી શકતા નથી. ખરાબ પરફોર્મ બાદ પણ પ્લાનિંગની સાથે સુધારા કરી શકાય છે અને આગળ વધી શકાય છે. પરફોર્મમાં સુધારા કરવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. શુ આપના પ્રોફેશનલ પરફોર્મમાં ઘટાડો થયો છે ? શુ તમે તમારી સફળતાથી અસંતુષ્ટ છો ? રિવ્યુને લઇને પણ પ્રશ્નો થતા રહે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે પરફોર્મમાં ઘટાડો થવાનો મતલબ દુનિયાનો અંત નથી. આ આપની પ્રોફેશનલ યાત્રામાં મોટા તબક્કા તરીકે હોઇ શકે છે. આપને ભવિષ્યની સફળતા માટે મોટા પગલા લેવા જોઇએ.

સુધારાના તમામ પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. આપના પરફોર્મ રિવ્યુ આપના યોગદાન અને અન્ય બાબતો માટે યોગ્ય પિક્ચર નથી. કોઇ એક વ્યક્તિની નજરમાં આપનો દેખાવ કમજોર હોઇ શકે છે. આ પ્રકારના કોઇ એક વ્યક્તિના નિવેદનના કારણે આપની વર્ષની ગતિવિધી અને એક્ટિવીટીસ અને યોગદાનને ગણી શકાય નહીં. તમામ પ્રકારની સ્થિતીને સ્વીકાર કરીને ભવિષ્ય માટે સુધારાત્મક પગલા લેવા માટે કામ કરવામાં આવે તે જરૂરી છે. મજબુતીની સાથે પરફોર્મમાં સુધારા માટે કામ કરવામાં આવે તે જરૂરી છે. જોબની રીડિઝાઇન કરવામાં આવે તે પણ જરૂરી છે. શુ આપની અંદર વર્તમાન રોલને અદા કરવા માટેની યોગ્યતા છે. હોઇ શકે કે આપ ટોપ લેવલના કેડર હો અથવા તો વ્યક્તિગત રીતે યોગદાન આપતો હોય પરંતુ ટીમ લીડર તરીકે નિષ્ફળતા મળી શકે છે. જો જરૂરી યોગ્યતાનો અભાવ દેખાય છે તો જોબને લઇને રીડિઝાઇન કરવામાં આવી શકે છે. જે ચીજો ફિટ બેસતી નથી તે ચીજોને દુર કરી દેવામાં આવે તે જરૂરી છે. પોતાની તાકાત પર કામ કરવામાં આવે તે જરૂરી છે. પ્રોફેશનલ ઇમેજ નબળી હોવાના કારણે પરફોર્મને કમજોર ગણવામાં આવે છે. એવુ બની શકે છે કે બે વર્ષ પહેલા પ્રજેનટેન્શનમાં આપે ન્યુમેરિકલ ભુલ કરી દીધી હોય અને લોકોમાં એવી છાપ ઉભી થઇ ગઇ કે આપના ડેટામાં વિશ્વાસ કરી શકાય તેમ નથી.કોઇ પણ સંસ્થામાં પોતાની સ્ટોરી લાઇનમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. એવા કામ હાથમાં પહેલા લેવા જોઇએ જેના કારણે લોકોમાં વિશ્વાસ જાગી શકે. કર્મચારીઓમાં આત્મવિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસો થવા જોઇએ.

શુ તમે ગયા વર્ષે કોઇ બિમારીના કારણે પરેશાન હતા અથવા તો પારિવારિક સમસ્યાના કારણે સંઘર્ષ કરી રહ્યા હતા એવુ પણ બની શકે કે આપે કોઇ ખોટા નિર્ણય કર્યા હોય. અથવા તો ખોટી કંપન જ્વોઇન કરી લીધી હોય. એક પગલુ પાછળ જઇને મોટા પિક્ચર પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. અપેક્ષાથી લઇને વાસ્તવિકતા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જે રીતે કોઇ ક્રિકેટર પાસેથી દરેક મેચમાં સદીની અપેક્ષા રાખી શકાય નહી તેવ જ રીતે તમે દર વર્ષે શાનદાર પરિણામ કેમ આપી શકો છો. આપ સમય સમય પર કંપની દ્વારા આપની પાસેથી રાખવામાં આવી રહેલી અપેક્ષાઓ અને આશા અંગે માહિતી મેળવી શકાય છે. ફિડબેક લેતા રહેવાથી ઘણા સારા કામ થઇ શકે છે. માસિક અને ત્રિમાસિક આધાર પર માહિતી એકત્રિત કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત જરૂરી સંશાધનોના કારણે પણ સફળતા મળી શકતી નથી. ઇન્ટર ડિપાર્ટમેન્ટલ સપોર્ટ ન મળવાના કારણે પણ કેટલીક વખત નિષ્ફળતા હાથ લાગે છે. કેટલાક કિસ્સામાં મેનેજરની મદદ મળી શકતી નથી. સિસ્ટમના કામ કરવાના તરીકાના સંબંધમાં માહિતી એકત્રિત કરવામાં આવે તે જરૂરી છે. જુદી જુદી બાબતોને ધ્યાનમાં રાખીને નોકરીની જગ્યાએ અથવા તો કોર્પોરેટ જગતમાં વ્યક્તિ પોતાની ઇચ્છિત સફળતા હાંસલ કરી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS


Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# જમ્મુ કાશ્મીરના બિલાવરમાં અથડામણ

। એજન્સી, કઠુઆ, તા.૭ ।

જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લાના બિલાવર વિસ્તારમાં બુધવારે બપોરથી સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. કોહગ, કોમાદ નાલા અને ધનુ પરોલની આસપાસના વિસ્તારોમાં આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. બિલાવરમાં ત્રણ આતંકવાદીઓ છૂપાયા હોવાની આશંકા છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બપોરના સુમારે ધનુ પરોલ વિસ્તારમાં એક સશસ્ત્ર શંકાસ્પદ વ્યક્તિ જોવા મળી હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે આ વિસ્તારમાં પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. એન્કાઉન્ટર હજુ પણ ચાલુ છે.જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લાના બિલાવર વિસ્તારમાં બુધવારે બપોરથી સુરક્ષા દળો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. કોહગ, કોમાદ નાલા અને ધનુ પરોલની આસપાસના વિસ્તારોમાં આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. બિલાવરમાં ત્રણ આતંકવાદીઓ છૂપાયા હોવાની આશંકા છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બપોરના સુમારે ધનુ પરોલ વિસ્તારમાં એક સશસ્ત્ર શંકાસ્પદ વ્યક્તિ જોવા મળી હતી, જેના કારણે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

### બાલાઘાટ, બેતુલ અને છિંદવાડામાં ૫૦ ટકાથી વધુ પાણીના નમૂના ઝેરી તથા દૂષિત

# ઈન્દોરમાં ૨૦ના મોત વચ્ચે ચોંકાવનારો રિપોર્ટ । મધ્ય પ્રદેશના ગામડાઓમાં પણ પાણી પીવા લાયક નથી

**કેન્દ્ર સરકારના 'જલ જીવન મિશન'ના લેટેસ્ટ 'ફંક્શનાલિટી એસેસમેન્ટ રિપોર્ટ મુજબ, રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પૂરો પાડવામાં આવતો ત્રીજા ભાગનો પાણીનો પુરવઠો માનવ વપરાશ માટે અસુરક્ષિત**

। એજન્સી, ઈન્દોર, તા.૭ ।

મધ્ય પ્રદેશના ઈન્દોરમાં દૂષિત પાણીના કારણે થયેલા ૨૦ લોકોના મોત વચ્ચે એક ભયાનક રિપોર્ટ સામે આવ્યો છે. કેન્દ્ર સરકારના 'જલ જીવન મિશન'ના લેટેસ્ટ 'ફંક્શનાલિટી એસેસમેન્ટ રિપોર્ટ' મુજબ, રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પૂરો પાડવામાં આવતો ત્રીજા ભાગનો પાણીનો પુરવઠો માનવ વપરાશ માટે અસુરક્ષિત છે. આ રિપોર્ટ બાદ હાઈકોર્ટે રાજ્યમાં 'જાહેર આરોગ્ય કટોકટી' જાહેર કરી છે.સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન ૧૫,૦૦૦થી વધુ ઘરોમાંથી લેવાયેલા નમૂનાઓના આધારે ચોંકાવનારી વિગતો બહાર આવી છે. મધ્ય પ્રદેશમાં માત્ર ૬૩.૩ ટકા પાણીના નમૂના જ ધોરણો પર ખરા ઉતર્યા છે, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૭૬ ટકા છે. એટલે કે ૩૬.૭ ટકા પાણીમાં હાનિકારક બેક્ટેરિયા કે કેમિકલ છે.



રાજ્યની સરકારી હોસ્પિટલોમાં માત્ર ૧૨ ટકા પાણી જ માઈક્રોબાયોલોજીકલ પરીક્ષણમાં પાસ થયું છે. બાકીની ૮૮ ટકા હોસ્પિટલોમાં દર્દીઓને અસુરક્ષિત પાણી મળી રહ્યું છે. શાળાઓના ૨૬.૭ ટકા પાણીના નમૂના દૂષિત જણાયા છે, જે લાખો બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડા સમાન છે.

કેટલાક જિલ્લાઓમાં પરિસ્થિતિ અત્યંત ગંભીર અને ચિંતાજનક છે. અનુપપુર અને ડિંડોરીમાં પાણીનો એક પણ નમૂનો સલામત જણાયો નથી. બાલાઘાટ, બેતુલ અને છિંદવાડામાં ૫૦ ટકાથી વધુ પાણીના નમૂના ઝેરી તથા દૂષિત છે. ઈન્દોરમાં ૧૦૦% નળ જોડાણનો દાવો કરાયેલા આ જિલ્લામાં વાસ્તવમાં માત્ર ૩૩ ટકા ઘરોમાં જ પીવાલાયક શુદ્ધ પાણી ઉપલબ્ધ છે.

ઈન્દોરના ભગીરથપુરામાં દૂષિત પાણી પીવાથી ૨૦ લોકોના મોત થયા. ૪૨૯ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા, જેમાંથી ૧૬ ICUમાં છે અને ત્રણ વેન્ટિલેટર પર છે. બીજી તરફ મધ્ય પ્રદેશ હાઈકોર્ટે નોંધ્યું કે બંધારણની કલમ ૨૧ હેઠળ શુદ્ધ પાણી મેળવવો એ જીવનનો અધિકાર છે. કોર્ટે આ સ્થિતિને સત્તાવાર રીતે 'પબ્લિક હેલ્થ ઈમરજન્સી' જાહેર કરી છે.

રિપોર્ટ અનુસાર, રાજ્યમાં પાઈપ લાઈનનું નેટવર્ક ૯૯.૧ ટકા ગામોમાં હોવા છતાં, વાસ્તવમાં માત્ર ૭૬.૬ ટકા ઘરોમાં જ નળ કાર્યરત છે. કેન્દ્ર સરકારે આ સ્થિતિને ''સિસ્ટમ-પ્રેરિત આપત્તિ'' ગણાવી છે અને ચેતવણી આપી છે કે જો સુધારો નહીં થાય તો રાજ્યના બજેટમાં કાપ મૂકવામાં આવશે.ઉલ્લેખનીય છેકે,મધ્ય પ્રદેશમાં માત્ર પાણીની અછત નથી, પણ જે પાણી ઉપલબ્ધ છે તે 'ઝેરી' સાબિત થઈ રહ્યું છે.

## જાલોરમાં મુસાફરોને લઈ જતી બસ ખીણમાં ખાબકી,પતિ-પત્ની સહિત ૨ના મોત

। એજન્સી, જાલોર, તા.૭ ।

ગુજરાત સાથેની સરહદે આવેલા રાજસ્થાનના જાલોર જિલ્લામાં રવિવારે એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. સાંચોરથી જયપુર જઈ રહેલી એક ખાનગી ટ્રાવેલ્સની લક્ઝરી બસ અનિયંત્રિત થઈને ખાઈમાં પલટી ગઈ હતી. આ ભીષણ દુર્ઘટનામાં એક મહિલા અને એક પુરુષનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ૨૦ જેટલા મુસાફરો ઘાયલ થયા હતા. ઘાયલોમાંથી પાંચની હાલત ગંભીર હોવાનું કહેવાય છે.આ દુર્ઘટના આહોર પોલીસ સ્ટેશન વિસ્તારના અગવરી ગામ પાસે નેશનલ હાઈવે ૩૨૫ પર બની હતી, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ખાનગી ટ્રાવેલ્સની બસ સાંચોરથી જયપુર તરફ જઈ રહી હતી. જ્યારે બસ અગવરી ગામ પાસે પહોંચી, ત્યારે અચાનક રસ્તા પર આવેલા એક પશુને બચાવવાના પ્રયાસમાં ડ્રાઈવરે બસને વાળતા સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે, બસ બેકાબૂ થઈને રસ્તાની બાજુમાં આવેલી ખાઈમાં જઈને પલટી ગઈ. બસ પલટતા જ મુસાફરોમાં ચીસો અને બૂમાબૂમ મચી ગઈ હતી અને ઘણા લોકો બસ નીચે દબાઈ ગયા હતા.અકસ્માતની જાણ થતાં જ આહોર પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.


### જનહિત અરજી પર સુનાવણી પર હાઈકોર્ટનો આદેશ

# દરગાહ - મંદિર વિવાદમાં દીપ પ્રગટાવવા અનુમતિ હાઈકોર્ટે તમિલનાડુ સરકારની ઝાટકણી કાઢી

**હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે પહાડી પર આવેલા પથ્થરના સ્તંભ(દીપથૂન) ઉપર દીવો પ્રગટાવવાના અગાઉના આદેશને યથાવત રાખ્યો છે । નિર્ણયને સત્તારૂઢ ડીએમકે સરકાર માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે**

। એજન્સી, મદ્રાસ, તા.૭ ।

દિલ્હી હાઈકોર્ટનો મોટો આદેશ: જામા મસ્જિદની આસપાસના અતિક્રમણનો સર્વે કરાશે દિલ્હી હાઈકોર્ટે રાજધાનીમાં આવેલી ઐતિહાસિક શાહી જામા મસ્જિદની આસપાસના વિસ્તારોમાં થયેલા ગેરકાયદે અતિક્રમણ અને એમસીડી પાર્કની સ્થિતિ અંગે ગંભીર નોંધ લીધી છે. કોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી (એમસીડી)ને બે મહિનાની અંદર આ સમગ્ર વિસ્તારનો સર્વે કરવાનો આદેશ આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જો સર્વે દરમિયાન કોઈ પણ ગેરકાયદે બાંધકામ મળી આવશે, તો કાયદા મુજબ તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે.ફરહત હસન નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિત અરજી (પીઆઈએલ) પર સુનાવણી કરતા હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો.



અરજદારે માગ કરી હતી કે, જામા મસ્જિદ જેવા સંરક્ષિત સ્મારકની આસપાસ રસ્તાઓ અને જાહેર જગ્યાઓ પર થયેલા અતિક્રમણને તાત્કાલિક દૂર કરવામાં આવે. હાઈકોર્ટે આ મામલે એમસીડીને કડક સૂચના આપી છે કે, તેઓ જામા મસ્જિદની આસપાસના પાર્ક અને જાહેર સ્થળો પર થયેલા ગેરકાયદે બાંધકામનો સંપૂર્ણ સર્વે કરે અને તેનો રિપોર્ટ આગામી બે મહિનાની અંદર કોર્ટમાં રજૂ કરે. આ ઉપરાંત નિયમ વિરુદ્ધ થયેલા બાંધકામો સામે કાયદાકીય પ્રક્રિયા હાથ ધરીને તેને હટાવવાની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

અરજદારે પોતાની અરજીમાં જણાવ્યું હતું કે, જામા મસ્જિદના દરવાજા પાસે ગેરકાયદે પાર્કિંગ, જાહેર માર્ગો પર ફેરિયાઓ અને ગેરકાયદે વ્યાવસાયિક એકમોનો જમાવડો થઈ ગયો છે. આ પ્રવૃત્તિઓને કારણે સ્મારકની ગરિમા અને જાહેર અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. ઉલ્લેખનીય છે કે જામા મસ્જિદ એએસઆઈ(ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ) હેઠળનું એક સંરક્ષિત સ્મારક છે અને તે દિલ્હી વક્ફ બોર્ડની મિલકત હેઠળ આવે છે.

શાહી જામા મસ્જિદ ભારતની સૌથી મોટી અને ભવ્ય મસ્જિદોમાંની એક છે. મુઘલ બાદશાહ શાહજહાંએ વર્ષ ૧૬૫૦માં તેનું નિર્માણ શરૂ કરાવ્યું હતું. લાલ બલુઆ પથ્થર અને આરસપહાણથી બનેલી આ મસ્જિદમાં પરંપરાગત પર્સિયન શૈલીની ઝલક જોવા મળે છે. ત્રણ વિશાળ પ્રવેશદ્વાર અને બે ઊંચી મીનારો ધરાવતા આ મસ્જિદના પ્રાંગણમાં હજારો શ્રદ્ધાળુઓ એકસાથે નમાઝ પઢી શકે છે.

### ઉદ્ધવ જૂથની મહિલા નેતાએ લગાવ્યો ગડબડીનો આરોપ

## 'ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાં કામ કરવું જોઈએ',

। એજન્સી, પૂણે, તા.૭ ।

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગરમાવો યથાવત છે. આ દરમિયાન નેતાઓ વચ્ચે શાબ્દિક તીર ચલાવવામાં આવી રહ્યા છે. તેવામાં ઉદ્ધવ જૂથની મહિલા નેતા પ્રિયંકા ચતુર્વેદીએ ચૂંટણીમાં ગડબડીનો આરોપ લગાવી ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.પ્રિયંકા ચતુર્વેદીનું કહેવું છે કે, 'મહારાષ્ટ્રમાં ચૂંટણીઓમાં ચોરી થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ આંધળું છે. મહારાષ્ટ્રમાં કોર્પોરેશનની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ ગોટાળા થઈ રહ્યા છે. ચૂંટણી પંચને બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાંથી કામ કરવું જોઈએ.'તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકર રાહુલ નાર્વેકર કોર્પોરેશનની ચૂંટણીમાં ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા હતી. આમ પ્રિયંકાએ ચૂંટણીપંચની નિષ્પક્ષતા પર સવાલ ઉઠાવ્યા છે.આ ઉપરાંત શિવસેના યુબીટીની એક મહિલાએ પણ ઈન્દોરમાં દૂષિત પાણીથી થયેલા મૃત્યુ અંગે મધ્યપ્રદેશ સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ઈન્દોરની ઘટના દેશ માટે શરમજનક ઘટના છે.પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે, 'ઈન્દોરની ઘટનામાં શક્ય તેટલી કડક કાર્યવાહી થવી જોઈએ. મધ્યપ્રદેશમાં કફ સિરપથી પણ મૃત્યુ થયા હતા અને આ હકીકતને દબાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.'મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગરમાવો યથાવત છે. આ દરમિયાન નેતાઓ વચ્ચે શાબ્દિક તીર ચલાવવામાં આવી રહ્યા છે. તેવામાં ઉદ્ધવ જૂથની મહિલા નેતા પ્રિયંકા ચતુર્વેદીએ ચૂંટણીમાં ગડબડીનો આરોપ લગાવી ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે.પ્રિયંકા ચતુર્વેદીનું કહેવું છે કે, 'મહારાષ્ટ્રમાં ચૂંટણીઓમાં ચોરી થઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચ આંધળું છે. મહારાષ્ટ્રમાં કોર્પોરેશનની ચૂંટણીઓમાં ખુલ્લેઆમ ગોટાળા થઈ રહ્યા છે. ચૂંટણી પંચને બંધ કરી દેવું જોઈએ. ચૂંટણી પંચે હવે ભાજપ કાર્યાલયમાંથી કામ કરવું જોઈએ.'તેમણે વધુમાં કહ્યું કે, મહારાષ્ટ્ર વિધાનસભા સ્પીકર રાહુલ નાર્વેકર કોર્પોરેશનની ચૂંટણીમાં ખુલ્લેઆમ ધમકી આપી રહ્યા હતી.

## ન્યૂઝ બ્રિફ




### કોંગ્રેસના સિનિયર નેતાની મસ્જિદ બહાર કરાઈ હત્યા, હુમલાખોરે ચપ્પાના અનેક ઘા ઝીંક્યા

। એજન્સી, અકોલા, તા.૭ ।

મહારાષ્ટ્ર કોંગ્રેસના ઉપાધ્યક્ષ અને અકોલા લોકસભા બેઠકના પૂર્વ ઉમેદવાર હિદાયતુલ્લાહ પટેલની મંગળવારે (છઠ્ઠી જાન્યુઆરી) બપોરે અકોલા જિલ્લામાં ઘાતકી હત્યા કરવામાં આવી છે. મસ્જિદમાં નમાઝ પઢીને બહાર નીકળી રહેલા ૬૬ વર્ષીય પટેલ પર હુમલાખોરે ચપ્પાના અનેક ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત પટેલનું બુધવારે સવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું છે.અહેવાલો અનુસાર, મંગળવારે (છઠ્ઠી જાન્યુઆરી) બપોરે હિદાયતુલ્લાહ પટેલ અકોલા જિલ્લાના અકોટ તાલુકાના મોહલા ગામ સ્થિત મસ્જિદમાં નમાઝ પઢવા ગયા હતા. નમાઝ પૂર્ણ કરીને તેઓ જ્યારે બહાર આવી રહ્યા હતા, ત્યારે હુમલાખોરે તેમના પર ઓચિંતો હુમલો કર્યો હતો. હુમલાખોરે તેમના પર ચપ્પા વડે હુમલો કરી છાતી અને ગરદનના ભાગે ગંભીર ઘા ઝીંક્યા હતા. ઘટના બાદ તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે, વધુ પડતું લોહી વહી જવાને કારણે તબીબો તેમને બચાવી શક્યા ન હતા.પોલીસે આ કેસમાં ત્વરિત કાર્યવાહી કરીને ૨૨ વર્ષીય ઉબેદ ખાન કાલુ ખાન નામના યુવકની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં પ્રાથમિક રીતે નીચેની વિગતો સામે આવી છે.પોલીસના જણાવ્યાનુસાર, હિદાયતુલ્લાહ પટેલ અને આરોપીના પરિવાર વચ્ચે લાંબા સમયથી જૂની દુશ્મનાવટ ચાલી રહી હતી. આ દુશ્મનાવટના કારણે જ હુમલાખોરે તક જોઈને પટેલ પર જીવલેણ હુમલો કર્યો હોવાનું મનાય છે.હિદાયતુલ્લાહ પટેલ મહારાષ્ટ્ર કોંગ્રેસનો મોટો ચહેરો હતો.

## આસામમાં ભૂકંપ: મોરીગાંવમાં ૫.૧ની તીવ્રતાના આંચકાથી લોકો ઘરની બહાર દોડી આવ્યા

। એજન્સી, મોરીગાંવ, તા.૭ ।

આસામના મોરીગાંવ જિલ્લામાં સોમવારે વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી. સવારે લગભગ ૪:૧૭ વાગ્યે આવેલા આ ભૂકંપના આંચકાને કારણે ગાઢ નિંદ્રામાં સૂતેલા લોકો ગભરાઈને પોતાના ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ આસામના મોરીગાંવમાં જ હતું. તેનું અક્ષાંશ ૨૬.૩૭ ડિગ્રી ઉત્તર અને રેખાંશ ૯૨.૨૯ ડિગ્રી પૂર્વ નોંધવામાં આવ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીનથી લગભગ ૫૦ કિલોમીટર નીચે હોવાનું જણાવાયું છે.ભૂકંપના આંચકા અનુભવાતા જ લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો અને તેઓ પોતાના ઘરોમાંથી બહાર ખુલ્લામાં આવી ગયા હતા. જોકે, રાહતની વાત એ છે કે હાલમાં કોઈ પણ પ્રકારના જાનમાલના નુકસાનના કોઈ સત્તાવાર સમાચાર સામે આવ્યા નથી. સ્થાનિક વહીવટીતંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને લોકોને સાવચેત રહેવા તથા કોઈપણ પ્રકારની અફવાઓથી બચવા માટે અપીલ કરી છે.ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ નોંધાઈ હતી.

## અમેરિકાના વાઈસ પ્રેસિડેન્ટ જે. ડી. વેન્સના ઘર પર હુમલો, શંકાસ્પદની અટકાયત

। એજન્સી, વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાના ઉપપ્રમુખ જે ડી વેન્સના નિવાસ સ્થાન પર સોમવારે હુમલો થયો છે. હુમલામાં તેમના ઘરની બારીઓને નુકસાન પહોંચ્યું. ઘટના બાદ એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે. સિનસિનાટી સ્થિત તેમના નિવાસ સ્થાન પર રાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ હુમલો કરાયો. અમેરિકાના સ્થાનિક સમય અનુસાર યુએસ સિક્રેટ સર્વિસને હુમલા અંગે રાત્રિના ૧૨.૧૫ વાગ્યે સૂચના મળી. પોલીસે એક શંકાસ્પદ વ્યક્તિની અટકાયત કરી છે અને તપાસ કરવામાં આવી રહી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર ઘરની બારીઓમાં નુકસાન થયું છે.

## ઝારખંડમાં જંગલી હાથીનો કહેર । એક જ રાતમાં ૭ લોકોને કચડી માર્યા

। એજન્સી, સિંઘભૂમ, તા.૭ ।

ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લામાં જંગલી હાથીએ હાહાકાર મચાવ્યો છે. મંગળવારે (છઠ્ઠી જાન્યુઆરી) મોડી રાત્રે હાથીએ અલગ-અલગ ગામોમાં હુમલો કરીને ૭ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. નવા વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં માત્ર ૬ દિવસમાં જ હાથીના હુમલામાં કુલ ૧૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.અહેવાલો અનુસાર, બાબરિયા ગામમાં મંગળવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ જ્યારે લોકો ઘરમાં સૂતા હતા ત્યારે હાથીએ અચાનક હુમલો કર્યો હતો. જેમાં સનાતન મેરલ, તેની પત્ની જોનકોન કુઈ, તેમના બે નાના બાળકો અને અન્ય એક ગ્રામજન મોગડા લગુરીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પરિવારનો એક બાળક ચમત્કારિક રીતે ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. જ્યારે બડા પાસિયા અને લમ્પાઈસાઈ ગામમાં પણ હાથીએ એક-એક વ્યક્તિને કચડી નાખ્યા હતા.ટોન્ટો બ્લોકના બાંદીઝારી ગામના રહેવાસી ૩૫ વર્ષીય મંગલ સિંહ હેમ્બ્રામનું હાથીએ હુમલો કરતાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. તે જ રાત્રે, બિરસિંહહાટુ ગામના કુચુબાસા ટોલીના રહેવાસી ૫૫ વર્ષીય ઉર્દુપ બહંડાનું પણ હાથીએ હુમલો કરતાં મોત થયું. સદર બ્લોકના રોરો ગામના રહેવાસી ૫૭ વર્ષીય વિષ્ણુ સુંડીનું પણ આ હુમલામાં મૃત્યુ થયું. બિરસિંહહાટુ ગામના રહેવાસી મણિ કુંતિયા અને સુખમતી બહંડા ગંભીર રીતે ઘાયલ થયા. ત્રણેય ઘટનાઓ ૧ જાન્યુઆરીની રાત્રે બની હતી.

## એઆઇથી નોકરી જતા ઇન્દોરમાં ઝવેરાતની દુકાનમાં લૂંટ ચલાવી

। એજન્સી, ઇન્દોર, તા.૭ ।

ઈન્દોરમા એક ઝવેરાતની દુકાન માંથી ચોરીની દિલચસ્પ ઘટના સામે આવી છે.આ દુકાનમાંથી ૧૬ લાખથી વધુ રકમના ઘરેણાની ચોરી કરવામાં આવી છે.આ ગુનામા પોલીસે ૧૮ વર્ષના ગ્રાફિક ડિઝાઈનર અને તેની મિત્રની ધરપકડ કરી છે.તેઓએ ફિલ્મ બન્ટી અને બબલી જોઇને આ ચોરીને અંજામ આપ્યો હતો.પોલીસે ચોરીના તમામ ઘરેણા જપ્ત કર્યા છે.રાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૨ ડિસેમ્બરની રાત્રે એક દુકાનમાંથી સોના,ચાંદી અને હીરાના મળીને ૧૬.૧૭ લાખના ઘરેણાની ચોરી થઇ હતી. પોલીસે આ કેસમાં એક યુવક અને યુવતીની ધરપકડ કરી છે.ડીસીપી શ્રીકૃષ્ણ લાલચંદાનીએ કહ્યું કે બન્ને આરોપીની ઉંમર ૧૮ વર્ષ છે. છોકરો ગ્રાફિક ડિઝાઈનર છે અને છોકરી નીટની તૈયારી કરી રહી છે.તેઓ બાળપણથી એક બીજાને જાણે છે.ડીસીપીએ કહ્યું કે પૂછપરછ દરમિયાન છોકરાએ કહ્યું કે તે આઈટી કંપનીમા પાર્ટટાઈમ ગ્રાફિક ડિઝાઈનર હતો. કંપનીએ એઆઈ ટેકનોલોજી અપનાવતા તેની નોકરી ગઈ હતી. જેના પગલે આર્થિક ભીસમાં આવ્યો હતો. આરોપીઓએ જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ બંટી ઔર બબલી જોઇને ચોરીની યોજના બનાવી હતી.

**કોગ્રેસનો મોદી પર આરોપ** | **અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર દબાણ સામે ઝૂકી જવાનો આરોપ લગાવ્યો**

# 'ફરક સમજો સરજી', ટ્રમ્પના નિવેદન બાદ રાહુલ ગાંધીનો પીએમ મોદીને કટાક્ષ

। એજન્સી, નવી દિલ્હી, તા.૭ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર દબાણ સામે ઝૂકી જવાનો આરોપ લગાવ્યો હતો અને તેમની તુલના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના નેતૃત્વ સાથે કરી હતી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કરીને 'ફરક સમજો સરજી' એવું કેપ્શન આપી પીએમ મોદી પર કટાક્ષ કર્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હું હવે ભાજપ અને આરએસએસના લોકોને ખૂબ સારી રીતે જાણું છું. થોડું દબાણ કરો એટલે તેઓ ડરના માર્યા ભાગી જાય છે. જેવું ટ્રમ્પે ત્યાંથી ઈશારો કર્યો, આ લોકોએ તરત જ ફોન ઉપાડી લીધો. તેમણે કહ્યું, મોદીજી તમે શું કરી રહ્યા છો? નરેન્દ્રએ સરેન્ડર કરી દીધું અને નરેન્દ્ર મોદીજીએ જી હુઝૂર કહી ટ્રમ્પના ઈશારાનું પાલન કર્યું.'

૧૯૭૧ના યુદ્ધની યાદ અપાવતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'એક સમયે અમેરિકાના ભારે દબાણ છતાં ભારતે મક્કમતાથી પોતાનું વલણ અપનાવ્યું હતું. તમને તે સમય યાદ હશે જ્યારે ૧૯૭૧ના યુદ્ધમાં ઈન્દિરા ગાંધીને માત્ર ફોન કોલ નહોતો આવ્યો, પણ અમેરિકાનો સાતમો નૌકા કાફલો, હથિયારો અને વિમાનવાહક જહાજો પણ આવ્યા હતા. તેમ છતાં ઈન્દિરા ગાંધીજીએ કહ્યું હતું કે, મારે જે કરવાનું છે તે હું કરીશ... આ જ મોટો તફાવત છે.'આ સમગ્ર વિવાદની શરૂઆત ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદન બાદ થઈ હતી. રિપબ્લિકન પાર્ટીના સાંસદોની બેઠકમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે, 'વડાપ્રધાન મોદી મને મળવા આવ્યા હતા અને મને પૂછ્યું હતું કે સર, શું હું તમને મળી શકું છું? જી હા...'



ટ્રમ્પે ભારત પર લાદવામાં આવેલા ભારે ટેરિફનો પણ ઉલ્લેખ કર્યો હતો. ટ્રમ્પે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, 'ભારતીય નિકાસ પર ૫૦ ટકા સુધીના ટેરિફ લગાવવામાં આવ્યા છે. મારા તેમની (પીએમ મોદી) સાથે સારા સંબંધો છે. પરંતુ તેઓ મારાથી ખુબ ખુશ નથી, કારણ કે તેઓ હજુ પણ વધુ ટેરિફ ચૂકવી રહ્યા છે, કારણ કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા છે. હવે તેમણે તેલ ખરીદી ઘણી ઓછી કરી દીધી છે.'

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર દબાણ સામે ઝૂકી જવાનો આરોપ લગાવ્યો હતો અને તેમની તુલના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના નેતૃત્વ સાથે કરી હતી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયો શેર કરીને 'ફરક સમજો સરજી' એવું કેપ્શન આપી પીએમ મોદી પર કટાક્ષ કર્યો હતો.

# નેપાળમાં હિન્દુનું અપમાન કરતો વીડિયો વાયરલ । મસ્જિદમાં તોડફોડ બાદ હિંસા






કાઠમાંડુ : બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપર થઈ રહેલા અત્યાચાર વચ્ચે હિન્દુ બહુમતીવાળા દેશ નેપાળમાં ભારે દેખાવો યોજાયા હતા. નેપાળના બીરગંજમાં એક મસ્જીદ ઉપર હુમલો કરી ત્યાં તોડફોડ કરવામાં આવી હતી જે બાદ સ્થિતિ વકરી હતી. હિંસાને પગલે બીરગંજમાં કરફ્યુ લગાડી દેવામાં આવ્યો હતો જોકે બાદમાં તેને હટાવાઈ લેવાયો છે. આ જિલ્લો ભારતની સીમાને સ્પર્શીને રહેલો હોઈ ભારતે હાઈ એલર્ટ જારી કર્યો છે. પ્રાપ્ય માહિતી મુજબ હૈદરઅલી અંસારી અને અમાનત અંસારી નામના બે યુવકોએ એક વીડીયો શેર કર્યો હતો જેથી હિન્દુઓની ભાવનાને ઠેસ પહોંચતાં આ તોફાનો ફાટી નીકળ્યાં હતાં. તે બંને યુવાનોને પોલીસે કસ્ટડીમાં પણ લીધા છે. આમ છતાં તંગદિલી વધી ગઈ અને બીરગંજના કમલા વિસ્તારમાં હિન્દુઓએ મસ્જિદમાં ઘૂસી જઈ તોડફોડ કરી હતી. ટિક-ટોક ઉપર વીડીયો વાયરલ થયો તે સાથે ભાત ભાતની અફવાઓએ પણ જોર પકડયું. આ સાથે સમગ્ર બીરગંજમાં હાઈ-એલર્ટ પણ જાહેર કરાયો. કરફ્યુ પણ લાદવામાં આવ્યો છતાં, ટોળાં બહાર નીકળ્યાં હતાં અને સામસામે પથ્થરબાજી શરૂ થઈ હતી. બીરગંજ ભારતની સીમાની નજીક હોય ભારતે પણ તે વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કર્યો છે.બીરગંજ વિસ્તારમાં લોકો દ્વારા હિંસક વિરોધ પ્રદર્શન કરાયું હતું જેના પર કાબુ મેળવવા બાદમાં પોલીસ દ્વારા લાઠીચાર્જ અને આંસુ ગેસનો ઉપયોગ કરાયો હતો.

## કંગના ફરી ફિલ્મ શૂટિંગ માટે સેટ પર હાજર થઈ ગઈ



। એજન્સી, મુંબઇ, તા.૭ ।

કંગના રણૌતે વધુ એક ફિલ્મનું શૂટિંગ શરુ કરી દીધું છે. 'ભારત ભાગ્ય વિધાતા' નામની નવી ફિલ્મના સેટ પરથી તેણે કેટલીક તસવીરો પોસ્ટ કરી છે. આ તસવીરોમાં કંગના દિગ્દર્શક મનોજ તપડિયા સાથે ચર્ચામાં વ્યસ્ત હોવાનું જોવા મળે છે. કંગનાએ ૨૦૨૪માં જ આ ફિલ્મની ઘોષણા કરી હતી. જોકે, તેની વધુ વિગતો અપાઈ નથી. કંગના છેલ્લે 'ઈમરજન્સી' ફિલ્મમાં જોવા મળી હતી. તેણે જ પ્રોડયૂસ અને ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં તેણે પોતે મુખ્ય ભૂમિકા ભજવી હતી. જોકે, આ ફિલ્મ લાંબા સમય સુધી રીલિઝ વિના અટવાઈ રહ્યા બાદ મોડે મોડે રીલિઝ થઈ હતી અને ફલોપ ગઈ હતી.

કંગના રણૌતે વધુ એક ફિલ્મનું શૂટિંગ શરુ કરી દીધું છે. 'ભારત ભાગ્ય વિધાતા' નામની નવી ફિલ્મના સેટ પરથી તેણે કેટલીક તસવીરો પોસ્ટ કરી છે. આ તસવીરોમાં કંગના દિગ્દર્શક મનોજ તપડિયા સાથે ચર્ચામાં વ્યસ્ત હોવાનું જોવા મળે છે. કંગનાએ ૨૦૨૪માં જ આ ફિલ્મની ઘોષણા કરી હતી. જોકે, તેની વધુ વિગતો અપાઈ નથી. કંગના છેલ્લે 'ઈમરજન્સી' ફિલ્મમાં જોવા મળી હતી. તેણે જ પ્રોડયૂસ અને ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં તેણે પોતે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

### ઓઈલ ટેન્કર બચાવવા રશિયાનું મોટું પગલું

## વેનેઝુએલામાં યુએસના હુમલા બાદ રશિયા આવ્યું મેદાનમાં । તાત્કાલિક સબમરીન કરાઇ તહેનાત

**વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ અનુસાર, ઉત્તરી એટલાન્ટિક મહાસાગરમાં ફસાયેલા એક ખરાબ ઓઈલ ટેન્કરને અમેરિકાના કબજામાંથી બચાવવા માટે રશિયાએ પોતાની સબમરીન અને નૌકાદળના જહાજો રવાના કર્યા**

। એજન્સી, મોસ્કો, તા.૭ ।

છેલ્લા કેટલાક દિવસોથી અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ હવે વિશ્વયુદ્ધ જેવી ગંભીર સ્થિતિ તરફ આગળ વધી રહ્યો હોય તેમ લાગે છે. અમેરિકાએ વેનેઝુએલાની રાજધાની કારાકાસ પર હુમલો કરી પ્રમુખ નિકોલસ માદુરો અને તેમના પત્નીની ધરપકડ કર્યા બાદ આખા વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. રશિયાએ આ ઘટનાની સખત નિંદા કરી છે અને હવે પોતાના મિત્ર દેશ વેનેઝુએલાના સમર્થનમાં રશિયાએ દરિયામાં પોતાની ઘાતક સબમરીન તહેનાત કરી દીધી છે.

વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ અનુસાર, ઉત્તરી એટલાન્ટિક મહાસાગરમાં ફસાયેલા એક ખરાબ ઓઈલ ટેન્કરને અમેરિકાના કબજામાંથી બચાવવા માટે રશિયાએ પોતાની સબમરીન અને નૌકાદળના જહાજો રવાના કર્યા છે. આ ટેન્કર હાલમાં 'મરીનરા' નામે ઓળખાય છે, જે અગાઉ 'બેલા-૧' તરીકે જાણીતું હતું. અમેરિકન કોસ્ટ ગાર્ડ આ જહાજ પર સતત નજર રાખી રહ્યા છે, કારણ કે અમેરિકાને શંકા છે કે આ જહાજનો ઉપ યોગ રશિયા દ્વારા ગેરકાયદેસર ઓઈલની હેરાફેરી માટે કરવામાં આવતો હતો.



ડિસેમ્બર ૨૦૨૫માં જ્યારે અમેરિકન અધિકારીઓએ મધદરિયે આ જહાજ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે જહાજના ક્રૂ મેમ્બરોએ જીવના જોખમે નાસી છૂટવા માટે અત્યંત આશ્ચર્યજનક દાવપેચ અજમાવ્યા હતા. આ ભાગદોડ દરમિયાન ક્રૂ મેમ્બરોએ ખુલ્લા સમુદ્રમાં જ જહાજની બહારના ભાગે ઉતાવળે રશિયાનો મોટો ધ્વજ ચીતરી દીધો હતો અને રાતોરાત જહાજનું નામ બદલીને 'મરીનરા' કરી નાખ્યું હતું.

આટલું જ નહીં, કોઈપણ પ્રકારના પૂર્વ નિરીક્ષણ કે સામાન્ય ઔપચારિકતાઓ વગર રશિયાએ પણ તત્કાલ ધોરણે આ જહાજનું રજિસ્ટ્રેશન પોતાના દેશમાં કરી લીધું હતું, જે નિષ્ણાતોના મતે અત્યંત અસાધારણ બાબત છે. રશિયાનું આ વ્યૂહાત્મક પગલું અમેરિકા દ્વારા કરવામાં આવતી જપ્તીની કાર્યવાહીને કાયદાકીય ગૂંચવણમાં નાખવા અને જહાજને સુરક્ષા પૂરી પાડવા માટે લેવામાં આવ્યું હોવાનું મનાય છે.

વેનેઝુએલા દાયકાઓથી રશિયાનું વ્યૂહાત્મક ભાગીદાર રહ્યું છે. હવે જ્યારે અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખને જ કસ્ટડીમાં લઈ લીધા છે, ત્યારે રશિયાએ તેની સબમરીન તહેનાત કરીને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તે પોતાના હિતો અને સાથી દેશોની સુરક્ષા માટે કોઈ પણ હદે જઈ શકે છે.

### 'ફેક મીડિયા' અમેરિકાને ટેરિફથી થયેલો લાભ નથી બતાવતું : ટ્રમ્પ

## ટેરિફથી ૬૦૦ અબજ ડોલરથી પણ વધુ રકમની આવક થશે : ટ્રમ્પનો દાવો

**ટેરિફથી ૨૬૧ અબજથી ૩૩૧ અબજ ડોલર વચ્ચે કમાણી થઈ : ઇન્ડિપેન્ડન્ટ રિસર્ચ એજન્સીઓએ ટ્રમ્પના દાવાનો છેદ ઉડાડયો**

। એજન્સી, વોશિંગ્ટન, તા. ૭ ।

અમેરિકન પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાને ટેરિફના લીધે ૬૦૦ અબજ ડોલરથી પણ વધુ રકમ મળશે. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વના દેશો પર લગાવેલા ટેરિફના કારણે અમેરિકા રાષ્ટ્રીય સુરક્ષાના મામલામાં અને આર્થિક રીતે વધુ મજબૂત થયું છે. તેમણે આ અંગે મીડિયા પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે ફેક ન્યૂઝ મીડિયા આ પ્રકારની વાતો નહીં લે, કારણ કે તે દેશનો અનાદર કરે છે.આ મીડિયા ટેરિફના આગામી નિર્ણયોમાં હસ્તક્ષેપ કરવા માંગે છે અને જે અમેરિકન સુપ્રીમ કોર્ટના મહત્ત્વના ચુકાદાઓમાં એક છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા ટેરિફના કારણે આર્થિક અને સુરક્ષાની દ્રષ્ટિએ પહેલાં કરતાં વધુ સમ્માનિત છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકા સાથે ખોટો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે અને અમેરિકન ઉત્પાદનો પર વધુને વધુ વેરા લગાવવામાં આવી રહ્યા છે.જો કે મેક્રોઈકોનોમિક્સ આંકડા ટ્રમ્પના દાવાથી વિપરીત સ્થિતિ રજૂ કરી રહ્યા છે. મેક્રોઈકોનોમિક્સ આંકડા મુજબ ટેરિફના લીધે અમેરિકાની આવક ઓક્ટોબરમાં ૩૪.૨ અબજ ડોલરની ટોચ પર પહોંચી હતી, તેના પછી નવેમ્બરમાં ટેરિફની આવક ઘટીને ૩૨.૯ અબજ ડોલર અને ડિસેમ્બરમાં તો ૩૦.૨ અબજ ડોલર જ થઈ ગઈ હતી. આ બતાવે છે કે ટ્રમ્પના ટેરિફના લીધે આવક સતત વધશે તેવી જ આશા સેવવામાં આવતી હતી તેવું બની રહ્યું નથી. આવક સતત ઘટવા માંડી છે. તે સળંગ બે મહિના ઘટી છે, એમ પેન્થિયોનના આંકડા દર્શાવે છે.જ્યારે સ્વતંત્ર રિસર્ચ દર્શાવે છે કે ટ્રમ્પ દાવો કરે છે તેનાથી સ્થિતિ એકદમ વિપરીત છે. બાયપાર્ટિસન પોલિસી સેન્ટરના અંદાજ મુજબ ટરિફ વડે ૨૦૨૫માં ૨૮૮ અબજ ડોલર ઊભા કર્યાનો અંદાજ છે. જ્યારે પોલિટિકો તો આ આંકડો ૨૬૧ અબજ ડોલર જ મૂકે છે. જ્યારે સેન્ટ લુઇસ ફેડ ટ્રેકરનું કહેવું છે કે ૨૦૨૫ના ત્રીજા ક્વાર્ટરમાં દરેક પ્રકારના વેરાની મદદથી ૩૩૧ અબજ ડોલરની આવક થઈ હતી, જો કે આ કલેકશન પણ અગાઉના સમાન સમયગાળાની તુલનાએ ઘટાડો દર્શાવે છે. જ્યારે બાયપાર્ટિસન પોલિસી સેન્ટર મુજબ ક્યુમ્યુલેટિવ ધોરણે સરકારની ખાધ ૪૩૯ અબજ ડોલર છે.

## રણવીર સિંહની પ્રલયમાં સાઉથની હિરોઈન કલ્યાણીની એન્ટ્રી



। એજન્સી, મુંબઈ, તા.૭ ।

રણવીર સિંહની આગામી ફિલ્મ 'પ્રલય'માં તેની હિરોઈન તરીકે સાઉથની કલ્યાણી પ્રિયદર્શનની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. દુલકીર સલમાનની 'લોકાહ: ચેપ્ટર વન' ફિલ્મથી જાણીતી બનેલી કલ્યાણીની આ પહેલી બોલિવુડ મૂવી હશે.હંસલ મહેતાના પુત્ર રાજ મહેતા આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. ભારે ભરખમ વીએફએક્સ ધરાવતી આ ફિલ્મનું બજેટ બહુ મોટું હોવાનુ કહેવાય છે.અગાઉ આ ફિલ્મમાં હિરોઈન તરીકે આલિયા ભટ્ટ સાથે વાતચીત ચાલી રહી હોવાની અટકળો પ્રસરી હતી. જોકે, 'લોકાહ: ચેપ્ટર વન' મલયાલમ ફિલ્મની તાજેતરના સમયની સૌથી વધુ કમાણી કરતી ફિલ્મ બન્યા બાદ નિર્માતાઓનું કલ્યાણી તરફ ધ્યાન ગયું હતું. કલ્યાણીએ પણ સમગ્ર ભારતમાં ફેન બેઝ વિસ્તારવા માટે આ ફિલ્મ પસંદ કરી હોવાનું કહેવાય છે. રણવીર સિંહની આગામી ફિલ્મ 'પ્રલય'માં તેની હિરોઈન તરીકે સાઉથની કલ્યાણી પ્રિયદર્શનની એન્ટ્રી થઈ હોવાનું કહેવાય છે. દુલકીર સલમાનની 'લોકાહ: ચેપ્ટર વન' ફિલ્મથી જાણીતી બનેલી કલ્યાણીની આ પહેલી બોલિવુડ મૂવી હશે. હંસલ મહેતાના પુત્ર રાજ મહેતા આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. ભારે ભરખમ વીએફએક્સ ધરાવતી આ ફિલ્મનું બજેટ બહુ મોટું હોવાનુ કહેવાય છે.અગાઉ આ ફિલ્મમાં હિરોઈન તરીકે આલિયા ભટ્ટ સાથે વાતચીત ચાલી રહી હોવાની અટકળો પ્રસરી હતી.

## ૬.૭ની તીવ્રતાના 'ઓફશોર ટેમ્બલર' ભૂકંપથી ધ્રૂજ્યું ફિલિપાઈન્સ, લોકોમાં ભયનો

। એજન્સી, હીનાતુઆન, ૭ ।

બુધવારે ફિલિપાઈન્સના પૂર્વીય ભાગમાં ૬.૭ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ અનુભવાયો હતો. અમેરિકન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્ર બકુલીન શહેરથી લગભગ ૬૮ કિલોમીટર દૂર પૂર્વમાં દરિયામાં હતું. જમીનથી તેની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર નોંધાઈ હતી, જેના કારણે આંચકા વધુ તીવ્રતાથી અનુભવાયા હતા. આ પ્રકારના દરિયાઈ ભૂકંપને વૈજ્ઞાનિક ભાષામાં 'ઓફશોર ટેમ્બલર' કહેવામાં આવે છે.ભૂકંપના આંચકા અનુભવાતા જ મિંદાનાઓ ટાપુ અને સુરિગાઓ ડેલ સુર પ્રાંતના શહેરોમાં અફરાતફરી મચી ગઈ હતી. હીનાતુઆન શહેરના સ્થાનિક પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, 'આંચકા એટલા તેજ હતા કે લોકો ડરના માર્યા ઘર અને ઓફિસોની બહાર ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા.' જોકે, રાહતની વાત એ છે કે હજુ સુધી કોઈ મોટા જાનમાલના નુકસાન કે જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.ફિલિપાઈન્સની ભૂકંપ મોનિટરિંગ એજન્સી 'ફિવોલ્ક્સ'એ ચેતવણી આપી છે કે આગામી સમયમાં આફ્ટરશોક્સ આવવાની શક્યતા છે. જોકે, સદનસીબે અત્યાર સુધી કોઈ સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી નથી. આ વિસ્તાર 'રિંગ ઓફ ફાયર' પર સ્થિત હોવાથી અહીં અવારનવાર ભૂકંપ અને જ્વાળામુખી વિસ્ફોટની ઘટનાઓ બનતી રહે છે.

## વેનેઝુએલાના શેરબજારમાં એક જ દિવસમાં ૫૦%નો ઉછાળો । માદુરો જેલમાં ધકેલાતા આશાવાદની અસર

। એજન્સી, કારકાસ, તા.૭ ।

વિશ્વના નકશા પર અત્યારે વેનેઝુએલા સૌથી ચર્ચિત દેશ છે. અહીં એક તરફ અમેરિકાએ મોટી કાર્યવાહી કરતા પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરી લીધી છે, તો બીજી તરફ ત્યાંની માર્કેટમાં તેજી જોવા મળી રહી છે. આ ભૌગોલિક-રાજકીય યુદ્ધ અને તેલના ભંડાર પર અમેરિકાના વધતા અંકુશ વચ્ચે વેનેઝુએલાનું શેરબજાર રોકેટ ગતિએ ભાગી રહ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે જ્યાં પ્રમુખની ધરપકડથી અરાજકતા ફેલાવાની દહેશત હતી, ત્યાં 'કારાકાસ સ્ટોક એક્સચેન્જ'માં માત્ર એક જ દિવસમાં ૫૦%ની તેજી જોવા મળી છે, જેણે સમગ્ર વિશ્વના રોકાણકારો અને રાજકીય વિશ્લેષકોને સ્તબ્ધ કરી દીધા છે.સામાન્ય રીતે કોઈ દેશમાં સૈન્ય કાર્યવાહી કે પ્રમુખની ધરપકડ જેવી ઘટના બને ત્યારે ત્યાંનું શેરબજાર તૂટી પડતું હોય છે, પરંતુ વેનેઝુએલામાં સ્થિતિ સાવ ઉલટી છે. વેનેઝુએલાનું મુખ્ય શેરબજાર 'કારાકાસ સ્ટોક એક્સચેન્જ' (ઝફક્ષિષ્ઠફજ જીષ્ઠા ઈટષ્ઠરફહખ્રી) અત્યારે રોકેટની ગતિએ વધી રહ્યું છે. માત્ર એક જ દિવસમાં કારાકાસ જનરલ ઈન્ડેક્સમાં ૫૦%થી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. ૬ જાન્યુઆરીના રોજ આ ઈન્ડેક્સ ૩૮૯૬.૮ પોઈન્ટ પર બંધ થયો હતો. જો ૨ જાન્યુઆરીથી અત્યાર સુધીની સરખામણી કરાય, તો માદુરોની ધરપકડ બાદ બજારમાં ૭૪%થી વધુની તેજી આવી છે. ૧૯૪૭માં સ્થપાયેલું આ દક્ષિણ અમેરિકાનું સૌથી નાનું શેરબજાર અત્યારે વિશ્વભરમાં ચર્ચાનું કેન્દ્ર છે.પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ: સપ્તાહના અંતે, ૩-૪ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન અમેરિકન સુરક્ષા દળોએ 'ઓપરેશન એબ્સોલ્યુટ રિઝોલ્વ' હેઠળ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીની ધરપકડ કરી હતી.

### તેલ અને ખનીજ ભંડારો સુધી પહોંચવા દેવું જોઇએ તેમજ ડ્રગ્સની નિકાસ બંધ કરવી જોઇએ

### અમેરિકા કહે છે 'વેનેઝૂએલાએ રશિયા, ચીન, ઈરાન, ક્યુબા અને હીઝબુલ્લાહ સાથે સંબંધો તોડવા અમે વેનેઝૂએલાને કહ્યું હતું તે ન કરતાં આ કાર્યવાહી કરવી પડી'

## વેનેઝૂએલામાં સત્તા પરિવર્તન નથી થયું સત્તાનો જુગાર ખેલાયો છે : યુરેશિયા ગ્રુપના અધ્યક્ષ ઈયાન બ્રેવર

। એજન્સી, નવી દિલ્હી , તા.૭ ।

અમેરિકાએ વેનેઝૂએલા ઉપર કરેલી કાર્યવાહી અંગે 'યુરેશિયા ગ્રુપપ'ના અધ્યક્ષ ઈયાન બ્રેવરે ઉગ્ર પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે, 'વેનેઝૂએલામાં કરાયેલી કાર્યવાહી સત્તા પરિવર્તન નહીં સત્તાનો જુગાર છે.'એન.ડી. ટીવી સાથેની વાતચીતમાં બ્રેવરે કહ્યું કે વાસ્તવમાં ત્યા રચાયેલી નવી સરકાર પણ જૂની સરકાર જેવી જ છે. વાસ્તવમાં અમેરિકાએ કહ્યું હતું કે, વેનેઝૂએલાએ રશિયા, ચાયના, ક્યુબા, ઈરાન અને હીઝબુલ્લાહ સાથે સંબંધો તોડી નાખવા જોઈએ અને અમેરિકાને તેના તેલ અને ખનીજ ભંડારો સુધી પહોંચવા દેવું જોઈએ તેમજ ડ્રગ્સની નિકાસ બંધ કરવી જોઈએ. (જોકે વેનેઝુએલાએ પોતે ડ્રગ્સની નિકાસ કરતા હોવાના આક્ષેપને રદિયો આપ્યો છે) અને જો તેમ નહીં કરે તો અમેરિકા તેની ઉપર લશ્કરી કાર્યવાહી કરશે જ.અમેરિકાએ વેનેઝૂએલા પર કરેલા હુમલા અને તેના પ્રમુખ નિકોલસ માદુરો તથા તેમના પત્નીનું અપહરણ કરી તેમની ઉપર ન્યૂયોર્કની કોર્ટમાં ચલાવેલી કાનૂની કાર્યવાહીની દુનિયાભરમાં ટીકા થઈ રહી છે.ટ્રમ્પનાં પગલાંનો વ્હાઈટ હાઉસનાં પ્રવક્તાએ તો બચાવ



કર્યો જ હતો, ઉપરાંત અમેરિકાનાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના અધ્યક્ષ માઈક જહોનર્સને કહ્યું હતું કે આ સત્તા પરિવર્તન નહીં વ્યવહારમાં પરિવર્તન કરવાની માંગણી છે.તેઓને જે કહેવું હોય તે કહે તેમ કહેતા વિશ્લેષકો સ્પષ્ટ ભીતિ દર્શાવે છે કે, ટ્રમ્પની આ કાર્યવાહી તાઈવાન પર હુમલો કરવાની 'પરમીટ' આપી દેશે. તેમ કહી શકશે કે અમેરિકાનો વેનેઝૂએલા પર કરાયેલ હુમલો જો યોગ્ય ગણાય તો અમે તેવા જ કારણસર તાઈવાન ઉપર હુમલો કરીએ તો તે યોગ્ય જ કહેવો જોઈએ.ટૂંકમાં આ હુમલાએ અત્યારે તો મધપૂડો છંછેડી દીધો છે.અમેરિકાએ વેનેઝૂએલા ઉપર કરેલી કાર્યવાહી અંગે 'યુરેશિયા ગ્રુપપ'ના અધ્યક્ષ ઈયાન બ્રેવરે ઉગ્ર પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે, 'વેનેઝૂએલામાં કરાયેલી કાર્યવાહી સત્તા પરિવર્તન નહીં સત્તાનો જુગાર છે.'એન.ડી. ટીવી સાથેની વાતચીતમાં બ્રેવરે કહ્યું કે વાસ્તવમાં ત્યા રચાયેલી નવી સરકાર પણ જૂની સરકાર જેવી જ છે. વાસ્તવમાં અમેરિકાએ કહ્યું હતું કે, વેનેઝૂએલાએ રશિયા, ચાયના, ક્યુબા, ઈરાન અને હીઝબુલ્લાહ સાથે સંબંધો તોડી નાખવા જોઈએ અને અમેરિકાને તેના તેલ અને ખનીજ ભંડારો સુધી પહોંચવા દેવું જોઈએ તેમજ ડ્રગ્સની નિકાસ બંધ કરવી જોઈએ. (જોકે વેનેઝુએલાએ પોતે ડ્રગ્સની નિકાસ કરતા હોવાના આક્ષેપને રદિયો આપ્યો છે) અને જો તેમ નહીં કરે તો અમેરિકા તેની ઉપર લશ્કરી કાર્યવાહી કરશે.

**ચારસોથી વધુ ફ્લાઈટો રદ**

**ફ્રાન્સ સૌથી વધુ પ્રભાવિત થયું, સ્કૂલોમાં રજા જાહેર કરાઈ, બરફને કારણે માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા**

## સમગ્ર યુરોપમાં ભારે હિમવર્ષા અને બરફના તોફાનનું તાંડવ । જનજીવન ઠપ

। એજન્સી, હેગ, તા.૭ ।

મંગળવારે યુરોપના મોટાભાગના હિસ્સામાં બરફવર્ષા, હિમ અને તીવ્ર ઠંડી જેવી ગંભીર સ્થિતિને કારણે અનેક વિસ્તારો પ્રભાવિત થયા હતા તેમજ ખરાબ મોસમને કારણે અનેક લોકોના મોત પણ થયા. દક્ષિણ-પશ્ચિમી ફ્રાન્સમાં મોસમ સાથે સંકળાયેલા માર્ગ અકસ્માતમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા તેમજ ભારે બરફવર્ષાને કારણે પરિવહન સેવા ઠપ થઈ ગઈ હતી. ફ્રાન્સની રાજધાનીમાં તેની પ્રસિદ્ધ છતો પર બરફની એક સુંદર ચાદર છવાઈ ગઈ, જેના કારણે સ્કૂલોમાં રજા આપવામાં આવી. ભારે બરફવર્ષાને કારણે દેશના છ એરપોર્ટ બંધ થઈ જતા



અનેક પ્રવાસીઓ અટવાઈ ગયા હતા.

નેધરલેન્ડ્સમાં બરફ જમા થઈ જતા એમ્સ્ટર્ડમના શિફોલ એરપોર્ટ પર લગભગ ચારસો ફ્લાઈટ અટકાવી દેવાઈ કારણ કે ક્રુ રનવે પર ફસાઈ ગયેલા વિમાનમાંથી બરફ હટાવવામાં વ્યસ્ત હતા. સોમવારથી જ ફ્લાઈટ રદ થવાની સમસ્યા વધી ગઈ, જેના કારણે અનેક પ્રવાસીઓ અટવાઈ ગયા. રેલ સીસ્ટમમાં પણ ખરાબી થતા રેલ સેવા પ્રભાવિત થઈ હતી. બરફ આચ્છાદિત રસ્તાઓને કારણે પ્રવાસીઓએ ભારે વિલંબનો સામનો કરવો પડયો.

દરમ્યાન ઈટાલીની રાજધાની રોમમાં લગાતાર વરસાદને કારણે ટિબર નદીમાં પૂર આવ્યું અને વેટિકન ખાતે એપિફેની તહેવારની ઉજવણી કરી રહેલા લોકોના ઉત્સાહમાં ભંગ પડયો. રોમના મેયરે પૂર અને વૃક્ષ પડવાના જોખમોથી લોકોને સાવચેત રહેવા અપીલ કરી અને જોખમી પાર્કમાં જવા પર રોક લગાવી હતી.

ઉત્તરીય યુરોપમાં ભારે બરફવર્ષા અને તીવ્ર ઠંડીથી જનજીવન ખોરવાયું જ્યારે બ્રિટનમાં કાતિલ ઠંડી સાથે તાપમાન શૂન્યથી નીચે ૧૨.૫ ડીગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. ભારે બરફવર્ષાને કારણે સ્કૂલો બંધ કરવી પડી, રમતગમતના કાર્યક્રમો અટકાવી દેવાયા, પરિવહન સેવા વિક્ષેપિત થઈ તેમજ ગ્લાસગો અને લિવરપુલ જેવા શહેરોમાં વીજ કટોકટી સર્જાઈ હતી.

બોલોગ્નામાં હળવી બરફવર્ષા થતા આસપાસના ડોલોમાઈટ્સમાં વિન્ટર સ્પોર્ટ્સના શોખીનોએ આ સ્થિતિનો લાભ લીધો હતો. ઉત્તરીય સ્કોટલેન્ડમાં પંદર સેમી સુધીની બરફવર્ષા થઈ હતી અને વધુ બરફવર્ષાની આગાહીએ લોકોની ચિંતા વધારી દીધી હતી. કેટલાક વિસ્તારોમાં ભારે હિમવર્ષાને કારણે સ્થિતિ પહેલેથી ખરાબ હતી. પ્રશાસને લોકોના ઘરે જરૂરી સામાન પહોંચાડવાની વ્યવસ્થા કરવી પડી હતી.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya